◆ વર્ષઃ ૪, ◆ અંકઃ ૧૦, ◆ સળંગ અંકઃ ૪૫,
◆ તા.૧૮/૦૭/૨૦૨૦, શનિવાર, ◆ પાના-૪,
◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦,
◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/-
(કુરીયર મારફત લવાજમ રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ,
◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦,
ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦
◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

# ટેક્સ ટુડે

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

RNI No.GUJGUJ/2016/74805
e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

# જી.એસ.ટી. AAR (ઓથોરીટી ઓફ એડવાન્સ રૂલિંગ) વિથ ટેક્સ ટુડે

## એડવાન્સ રૂલિંગ હેઠળ આપવામાં આવતા ચુકાદાઓ અંગે સરળ ભાષામાં સમજણ આપતી આ કોલમઃ AAR વિથ ટેક્ષ ટુડે

જી.એસ.ટી. કાયદાની કલમ ૯૭ હેઠળ કરદાતા એડવાન્સ રૂલિંગ માટે અરજી કરી શકે છે. જી.એસ.ટી. કાયદા હેઠળ નીચેની બાબતો માટે એડવાન્સ રૂલિંગ કરી શકાય છે.

- માલ કે સેવાઓમા વર્ગીકરણ બાબતે,
- કોઈ નોટિફિકેશન કરદાતાને લાગુ પડે કે નહીં તે બાબતે
- કોઈ માલ કે સેવાની કરપાત્રતાનો સમય તથા કિમત નક્કી કરવા બાબતે
- કોઈ વ્યવહારમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે કે નહીં તે બાબતે
- કોઈ વ્યવહાર કરપાત્ર બને કે નહીં તે બાબતે
- કોઈ વ્યક્તિ નોંધણી માટે જવાબદાર બને કે ના બને તે બાબતે
- કોઈ વ્યવહાર સપ્લાય ગણાશે કે નહીં તે બાબતે.

આ કોલમમાં જી.એસ.ટી. કાયદા હેઠળ આપવામાં આવતા મહત્વના AAR તથા AAARના ચૂકદાઓ સરળ ભાષામાં વાંચકો સમક્ષ રજૂ કરવામાં આવશે. આ કૉલમ નિરંતર પ્રસિદ્ધ થયા કરશે.




**AAR ૫ઃ શું અરજદાર દ્વારા આપવામાં આવેલ પ્રોજેક્ટ મેનેજમેંટ સેવાને નોટિફીકેશન ૧૨/૨૦૧૭ની મુક્તિનો લાભ મળે?**
**અરજકર્તાઃ સેવરેજ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ કોર્પોરેશન ઓફ ગોવા લિમિટેડ, AAR No. Goa/GAAR/10/2018-19**
**ઓર્ડર તારીખઃ ૨૬.૦૨.૨૦૧૯,**

**પ્રશ્નઃ**

૧. અરજદાર દ્વારા આપવામાં આવતી પ્રોજેક્ટ મેનેજમેંટ સેવા શું પંચાયત કે મ્યુનિસીપાલિટી હેઠળ બંધારણની ૨૪૩G કે ૨૪૩W હેઠળની સેવા ગણાય?
૨. જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૩ મુજબ પંચાયત કે મ્યુનિસીપાલિટી ને આપેલ ‘પ્યોર સર્વિસ’ સેવા કરમુક્ત ગણાશે?
૩. શું અરજદાર આ નોટિફીકેશન મુજબ ‘ગવર્નમેંટ ઓથોરીટી’ કે ‘ગવર્નમેંટ એજન્સી’ ગણાય?

**અરજદારના વ્યવહારની વિગતોઃ**

- અરજદાર ગોવા રાજ્યમાં જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ કરદાતા છે.
- અરજદાર ૧૦૦% સરકારી રોકાણથી બનેલી કંપની એક્ટ હેઠળ રજિસ્ટર્ડ કંપની છે.
- અરજદાર રાજ્યની સફાઈ પ્રવૃતિ ચલાવતી નોડલ એજન્સી છે.
- અરજદાર દ્વારા પ્રોજેક્ટ મેનેજમેંટ, પ્રોજેક્ટ પ્લાનિંગ, પ્રોજેક્ટ સર્વે વી. જેવી કામગીરી કરવામાં આવે છે.
- અરજદાર ની રજૂઆત છે કે તેઓની પ્રવૃતિ ભારતીય બંધારણ ના અનુચ્છેદ ૨૪૩Wના પરિશિષ્ટ ૧૨, ની એન્ટ્રી ૬ હેઠળ પડે જે પબ્લિક હેલ્થ, સેનિટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેંટ અંગેની છે.
- આ સેવા ‘પ્યોર લેબર’ની હોય, જી.એસ.ટી. નોટિફીકેશન ૧૨/૨૦૧૭ની એન્ટ્રી ૩ હેઠળ કરમુક્ત ગણાય.

**AARનું તારણઃ**

- અરજદારની સેવા ભારતીય બંધારણના અનુછેદ ૨૪૩W ના પરિશિષ્ટ ૧૨ હેઠળની એન્ટ્રી ૬ હેઠળ પડે.
- અરજદારને મળતી ફી એ ‘પ્યોર સર્વિસ’ ગણાય અને જી.એસ.ટી. નોટિફીકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૩ હેઠળ કરમુક્ત ગણાય.
- અરજદાર જી.એસ.ટી. કાયદા હેઠળ સરકારી ઓથોરીટી ગણાય.

**AAR ૬ઃ શું વ્યાજ આવક એ જી.એસ.ટી. કાયદા હેઠળ નોંધણી મેળવવા ટર્નઓવર નક્કી કરવા બાબતે ધ્યાને લેવાની રહે?**
**અરજકર્તાઃ શ્રી સવાઈ મનોહરલાલ રાઠી, AAR No.Gujarat/GAAR/R/2020/10**
**ઓર્ડર તારીખઃ ૧૯.૦૪.૨૦૨૦**

**પ્રશ્નઃ**

૧. શું PPF વ્યાજની આવક, કરદાતાની જી.એસ.ટી. નોંધણી માટેના ટર્નઓવરની મર્યાદા નક્કી કરવામાં ધ્યાને લેવાની રહે?
૨. મિત્રો/ સગા સબંધીઓ પાસેથી મળેલ વ્યક્તિગ્ત વ્યાજ ની રકમ જી.એસ.ટી. નોંધણી માટેના ટર્નઓવરની મર્યાદા નક્કી કરવામાં ધ્યાને લેવાની રહે?
૩. શું બચત ખાતાના વ્યાજની રકમ જી.એસ.ટી. નોંધણી માટેના ટર્નઓવરની મર્યાદા નક્કી કરવામાં ધ્યાને લેવાની રહે?

**અરજદારના વ્યવહારની વિગતોઃ**

- અરજદાર વ્યક્તિગ્ત કરદાતા છે. તેઓ કોઈ પણ ધંધા સાથે સંકળાયેલ નથી.
- તેઓ ની ૨૦૧૮-૧૯ માટેની કુલ આવક ૨૦,૧૨,૦૦૦/- થવા પાત્ર છે. આ આવકમાં ભાડા આવક, બેન્ક વ્યાજ, PPFનું વ્યાજ, ખાનગી વ્યક્તિઓને કરેલ ધિરાણના વ્યાજનો સમાવેશ થાય છે.
- શું આ વ્યાજ આવકોનો સમાવેશ ટર્નઓવરની મર્યાદામાં થાય તે તેઓનો મુખ્ય પ્રશ્ન છે.

**AARનું તારણઃ**

અરજદાર મિલ્કત ભાડે આપવાની પ્રવૃતિ કરે છે. જે જી.એસ.ટી. કાયદા હેઠળ ટેકસેબલ છે. જ્યારે સાથે તેઓને વ્યાજ આવક પણ થાય છે.

આ વ્યાજની આવક સી.જી.એસ.ટી. નોટિફિકેશન (રેઈટ) ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ ની એન્ટ્રી ૨૭(a) માં પડે અને કરમુક્ત બને.

જી.એસ.ટી. કાયદાના ૨(૬) હેઠળ ‘એગ્રીગેટ ટર્નઓવર’ની વ્યાખ્યા જોતાં આ વ્યાજની આવક ભલે કરમુક્ત હોય પણ નોંધણી માટેની મર્યાદા નક્કી કરવા ગણતરીમાં લેવાની રહે.

આમ, PPF વ્યાજ, ખાનગી વ્યક્તિઓ પાસેથી મળેલ વ્યાજ, સેવિંગ બેન્ક (બચત ખાતા)ને જી.એસ.ટી. નોંધણી માટે ટર્નઓવર ની મર્યાદા નક્કી કરવા ગણતરીમાં લેવાનું રહે.

**સંપાદક નોંધઃ**

ટેક્સ ટુડે એક્સપર્ટ CA મોનીષ શાહ, CA દિવ્યેશ સોઢા, એડવોકેટ લલિત ગણાત્રા તથા એડવોકેટ ભવ્ય પોપટ આ અંગે એક સુરે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં જણાવે છે કે CGST રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૨૭(a) એ એવા કરદાતાઓ માટે છે જે પોતાના ધંધાના સામાન્ય વ્યવહાર તરીકે રકમ વ્યાજ ઉપર આપે છે. આ એન્ટ્રી એવા કરદાતા માટે છે જેઓ નાણાં ઉછીના આપવાનો ધંધો કરે છે. હા, કોઈ વ્યક્તિ જે ધંધો કરતો કોઈ અને ધંધાકીય વ્યવહાર માટે નાણાં ઉછીના આપ્યા હોય તો પણ આ એન્ટ્રીમાં સમાવેશ થઈ શકે.

પરંતુ AAR ઓથોરીટીના આદેશ સામે સન્માનપૂર્વક અલગ અભિપ્રાય દર્શાવતા અમો માનીએ છીએ કે PPF વ્યાજ કે સેવિંગ વ્યાજ એ ધંધાકીય વ્યવહારો સંદર્ભે ના હોય, આ વ્યાજ જી.એસ.ટી. કાયદા હેઠળ નોંધણી મેળવવાની મર્યાદા ગણવા ગણતરીમાં લેવાનું થાય નહીં. તેઓ વધુમાં આ બાબતે જણાવે છે કે એ બાબત નિર્વિવાદ છે કે વ્યાજની આવક એ સપ્લાય ઓફ સર્વિસ છે. આપ સૌ જાણો છો કે માત્ર સપ્લાય ઑફ ગુડ્સ માટે જી.એસ.ટી. નોંધણી ની મર્યાદા ૪૦ લાખ કરવામાં આવી છે. અને સેવા પ્રદાન કરતાં કરદાતાઓ માટે નોંધણી ની મર્યાદા ૨૦ લાખ છે. આ તમામ સપ્લાય ઓફ ગુડ્સ કરતાં કરદાતાઓ ને સેવિંગ વ્યાજ આવક તો હશે જ!! જો આ સેવિંગ વ્યાજ આવક ને સપ્લાય ઓફ સર્વિસ ગણવામાં આવે તો આ તમામ કરદાતાઓ કે જેઓ માને છે કે તેઓએ જી.એસ.ટી. નંબર ૪૦ લાખ ના ટર્નઓવર ઉપર લેવાનો છે તેમની મર્યાદા સપ્લાય ઓફ સર્વિસ ના કારણે ૨૦ લાખ બની જાઈ!! આમ, ઓથોરીટીનું સહર્ષ માન જાળવી, આનું અર્થઘટન બાબતે ટેક્સ ટુડે એક્સપર્ટ્સનો અભિપ્રાય અલગ છે.

**ખાસ નોંધઃ** તમામ વાંચકોએ એ બાબત જાણવી જરૂરી છે કે AARનો આદેશ જે તે અરજકર્તા તથા તેના પ્રોપર ઓફિસર ઉપરજ બાધ્ય ગણાય. તમામ કરદાતાઓ ને આનો સીધો લાભ મળે નહીં. પરંતુ ટેક્સ પ્લાનિંગ કરવાં માટે આ AARના ચૂકદાઓ ખૂબ મહત્વના રહેતા હોય છે.

આ AAR તથા AAAR અંગેના લેખનું સંકલન CA મોનીષ શાહ, Adv. લલિત ગણાત્રા, CA દિવ્યેશ સોઢા તથા Adv. ભવ્ય પોપટ દ્વારા કરવામાં આવેલ છે. આ AAR અંગે આ અમારો અભિપ્રાય માત્ર છે.

## જી.એસ.ટી. નંબર સરકાર દ્વારા રદ્દ કરી નાખવામાં આવ્યો છે??? તો નંબર પુનઃસ્થાપિત કરાવવાની છે છેલ્લી તક...




તા. ૨૬.૦૬.૨૦૨૦: જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશન હેઠળ નો વેપારી સતત ૩ રિટર્ન ના ભરે અને કંપોઝીશન સિવાય નો વેપારી સતત ૬ રિટર્નના ભરે ત્યારે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આવા વેપારીઓ નો નંબર રદ્દ કરી નાંખવામાં આવે છે. આ રદ્દ કરેલ નંબર બાકી તમામ રિટર્ન તથા ટેક્સ ભરી નંબર રદ્દ થયા નો ઓર્ડર થયેથી ૩૦ દિનની અંદર પુનઃજીવિત (રિવોકેશન) કરવા અરજી કરી શકાય છે.

મોટા પ્રમાણમાં એવા વેપારીઓ કે જેમનો નંબર જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા રદ્દ કરી નાંખવામાં આવ્યા છે તેઓ આ ૩૦ દિવસની મુદ્તમાં નંબર પુનઃ સ્થાપિત કરી શક્યા નથી. આવા વેપારીઓ ને ફરી એક તક આપવા ૨૫ જૂન ના રોજ એક આદેશ બહાર પાડવામાં આવ્યો છે. આ આદેશ મુજબ, જી.એસ.ટી. કાયદા નો અમલ શરૂ થયો છે ત્યારથી (૦૧.૦૭.૨૦૧૭ થી) ૧૨ જૂન ૨૦૨૦ સુધી જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ‘સુઓ મોટો’ કરવામાં આવેલ તમામ રદ્દના આદેશાની બજવણીની તારીખ નીચેમાંથી જે પછી હોય તેમ માનવમાં આવશે.

૧. ખરેખર આદેશાની બજવણી થઈ તે તારીખ
૨. ૩૧ ઓગસ્ટ ૨૦૨૦

આમ, ઉપરમાંથી જે તરોખ પછી હોય તે તારીખ ને બજવણી ની તારીખ ગણી આ ૩૦ દિવસના સમયની ગણતરી કરવામાં આવશે.ઉદાહરણ તરીકે, કોઈ કરદાતા નો જી.એસ.ટી. નંબર રદ્દ કરવા અંગેનો ઓર્ડર ૧૦ જૂન ૨૦૧૮ ના રોજ બજાવેલ હશે તો તેવા કરદાતા માટે આ ઓર્ડર ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ સુધી મળ્યો છે એમ માની લેવામાં આવશે.

આ ૩૧ ઓગસ્ટથી ૩૦ દિવસની અંદર રિવોકેશન ની અરજી કરદાતાએ કરી આપવાની રહેશે. આ તકે એ બાબત જાણવી જરૂરી છે કે જી.એસ.ટી. હેઠળ રિટર્ન ભરવા લગતી લેઈટ ફી વ્યાજ વગેરે ભરવા કરદાતા જવાબદાર બનશે. આ અંગે પણ રાહતો આપી આ લેઈટ ફી ને શરતોને આધીન ખૂબ ઓછી કરી નાંખવામાં આવેલ છે.

કરદાતા કે જેઓનો નંબર જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા રદ્દ કરવામાં આવેલ હોય તેમના માટે આ સુવર્ણ અવસર છે. તેઓએ પોતાના નોંધણી દાખલાને પુનઃ સ્થાપિત કરી લેવો જરૂરી છે.

## બેંકમાંથી રોકડ ઉપાડ કરવામાં પણ કપાશે ટેક્સ!!! વાંચો આ વિશેષ અહેવાલ

૧ જુલાઈથી ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૯૪Nનો અમલ શરૂ થઈ ગયો છે. આ કલમ અગાઉ પણ અમલમાં હતી પરંતુ જૂની જોગવાઈ ને સ્થાને બજેટ ૨૦૨૦ થી હવે નવી જોગવાઈ ૦૧ જુલાઇ ૨૦૨૦ થી લાગુ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ ૧ કરોડ ઉપર ઉપાડ કરવામાં આવે તો તે ઉપડમાંથી ૨% TDS બેન્ક દ્વારા કરવામાં આવશે. અગાઉ જૂની જોગવાઈમાં ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિનું (APMC) લાઈસન્સ ધરાવતાં વેપારીઓને આ જોગવાઈ લાગુ પડતી ન હતી.

ખેતીવાડી સાથે જોડાયેલ ઉદ્યોગોએ મોટાભાગનું ચૂકવણું ખેડૂત ને કરવાંનું થતું હોય આ ચૂકવણું રોકડમાં જ કરવું પડતું હોય છે. પોતાનું ઉત્પાદન-વેચાણની જે રકમ આવે તે બેન્ક દ્વારા આવતી હોય છે. આ કારણે ખૂબ મોટા પ્રમાણમા આવા ઉદ્યોગોએ બેન્કમાંથી રોકડ ઉપાડવાની થતી હોય છે. હવે આ જોગવાઈ લાગુ થઈ ગયા બાદ આવા ઉદ્યગો માટે ખૂબ મુશ્કેલ પરિસ્થિતીનું નિર્માણ થયેલ છે.

**જિનિંગ એન્ડ પ્રેસિંગ એશોશીએશન ઉનાના પ્રમુખ કિશોર સંભૂવાણી** ટેક્સ ટુડે સાથે વાત કરતાં જણાવે છે કે જો અગાઉ જેવી છૂટ APMC લાઇસન્સ ધરાવતા ઉદ્યોગો ને હતી તેવી છૂટ નહીં આપવામાં આવે તો અમારા ઉદ્યોગો ટકી શકશે નહીં. જીનીગ ઉદ્યોગ ઉપર અગાઉથી RCM જેવી ગેરવ્યાજબી જોગવાઈ નો ભાર છે. આ ભાર હવે અમારા ઉદ્યોગ માટે મરણતોલ સાબિત થશે. ઉદ્યોગો બંધ થશે અને આ ઉદ્યોગ સાથે જોડાયેલ અનેક લોકો બેરોજગાર બનશે. COVID-19 સામે જજૂમી રહેલા MSME માટે આ પડ્યા પર પાટુ જેવી બાબત થશે. તેઓએ ભારપૂર્વક સરકાર ને આગ્રહ કર્યો હતો કે આ જોગવાઈ નો અમલ ઓછામાં ઓછો એક વર્ષ સુધી પાછો ઠેલવવામાં આવે. આ ઉપરાંત APMCનું લાઈસન્સ ધરાવતાં કરદાતાઓને આ જોગવાઈમાં થી મુક્તિ આપવામાં આવે તે અત્યંત જરૂરી છે.

આવા અનેક નાના ઉદ્યોગો છે જેમના માટે આ રોકડ ઉપાડની જોગવાઈ મુશ્કેલ પરિસ્થિતી ઊભી કરી શકે છે. COVID-19 બાદ તમામ ધંધા-રોજગાર વિકટ પરિસ્થિતીમાંથી પસાર થઈ રહ્યા છે. સરકાર દ્વારા આ ઉદ્યોગો માટે અનેક રાહતો પણ જાહેર કરેલ છે. આ રાહતોમાં એક વધુ રાહત આપી આ ટેક્સ કપાતની જોગવાઈ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતી સ્થગિત કરી આપવામાં આવે તેવી આશા નાના ધંધાર્થીઓ સેવી રહ્યા છે. (ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)

## લેઈટ ફી માં કરવામાં આવ્યો ઘટાડો!!!! કરદાતાઓ માટે આવ્યા ખુશીના સમાચાર

**ફેબ્રુઆરી થી જુલાઇ સુધીના તમામ રિટર્ન જો મોડા ભરવામાં આવે, પણ જો ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં ભરી આપવામાં આવે તો લાગશે રિટર્ન દીઠ ૫૦૦/– ની લેઈટ ફી**

સેન્ટરલ જી.એસ.ટી. કાયદા હેઠળ નોટિફિકેશન ૫૭/૨૦૨૦ તા. ૩૦.૦૬.૨૦૨૦ બહાર પાડવામાં આવ્યું છે. ખૂબ જટિલ અને ટેકનિકલ શબ્દો દ્વારા શુશોભિત આ નોટિફિકેશન નો સાર નીચે સરળ ભાષામાં આપેલ છે.

જો કરદાતા પોતાનું ફેબ્રુઆરી થી જુલાઇ સુધી ના રિટર્ન સમયમર્યાદા બાદ ભારે તો આ રિટર્ન દીઠ લેઈટ ફી રૂ ૫૦૦ લાગશે (CGST-SGST ૨૫૦-૨૫૦)

કરદાતાના જે રિટર્નમાં ભરવા પાત્ર ટેક્સ શૂન્ય હશે તો આવા રિટર્નમાં કોઈ લેઈટ ફી લાગશે નહીં.

આ ભરવાપાત્ર ટેક્સ અંગે બે મત ઉપસ્થિત થાય છે. એક કે ટેક્સ પેયેબલ એટલે આઉટપુટ ટેક્સ. અન્ય મત એ છે કે ટેક્સ પેયેબલ એટલે નેટ ટેક્સ પેયેબલ (આઉટપુટ - ઈનપુટ)

આ લેઈટ ફી ઘટાડાનો લાભ ૫ કરોડ સુધી તથા ઉપરના તમામ કરદાતાઓ ને મળશે. આ ઉપરાંત શૂન્ય ટેક્સ પેયેબલ નો લાભ કરમુક્ત વસ્તુ કે સેવા પ્રદાન કરતા કરદાતાઓ ને મળશે. આ જાહેરનામું આવતા કારદાતાઓએ રાહતનો શ્વાસ લીધો છે.

(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)




## જી.એસ.ટી. હેઠળ મુદ્દતમાં કરવામાં આવ્યો વધારોઃ બહાર પાડવામાં આવ્યું જાહેરનામું

તા. ૨૮.૦૬.૨૦૨૦:સેન્ટરલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ દ્વારા નોટિફિકેશન ૩૫, તા. ૦૩ એપ્રિલ ૨૦૨૦ ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું. તેના મુજબ COVID-19ના કારણે જે વિધિઓ કે કાર્યવાહીઓ ૨૦ માર્ચ થી લઈ ને ૨૯ જૂન સુધી કરવાની થતી હતી તે કાર્યવાહીઓ ૩૦ જૂન સુધી કરી શકાશે તેવું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. આ નોટિફિકેશનમાં સુધારો કરી નોટિફીકેશન ૫૫/૨૦૨૦, તા. ૨૭ જૂન ૨૦૨૦ ના રોજ બહાર પાડવામાં આવ્યું છે. આ નવા સુધારેલા નોટિફીકેશન મુજબ હવે ૨૦ માર્ચ થી માંડી ૩૦ ઓગસ્ટ સુધી જી.એસ.ટી. કાયદા હેઠળ **આપવાદોમાં દર્શાવેલ કાર્યવાહી સિવાયની તમામ કાર્યવાહી-વિધિ હવે ૩૧ ઓગસ્ટ સુધી કરી શકાશે.** આ રાહતોના કારણે હવે રિફંડ, ITC-01 જેવા ફોર્મ્સ ભરવામાં કરદાતાઓ ને વધુ સમય મળશે. આ રાહતકારક જોગવાઈઓના કારણે કરદાતાઓ અને વિશેષમાં કરવ્યવસાયિકો એ રાહત નો શ્વાસ લીધો છે તેવા અહેવાલો મળી રહ્યા છે.

**નોટિફિકેશન ૩૫/૨૦૨૦, તા. ૦૩.૦૪.૨૦૨૦ હેઠળના આપવાદો**

૧. ટાઈમ ઓફ સપ્લાય અંગે ના નિયમો
૨. કંપોઝીશન ની લિમિટ ક્રોસ થવાથી પરમીશન રદ અંગે ના નિયમો.
૩. મરજિયાત, કેસ્યુલ, નોન રેસિડંટ ટેકસેબલ વ્યક્તિ અંગે ના નિયમો.
૪. ટેક્સ ઈંવોઇસ અંગે ના નિયમો તથા એવા નિયમો આઉટવર્ડ સપ્લાય ના રિટર્ન ના નિયમો
૫. લેઈટ ફી અંગે ના નિયમો (ઉપર જણાવેલ રાહતો સિવાય)
૬. વ્યાજ અંગે ના નિયમો (ઉપર જણાવેલ રાહતો સિવાય)
૭. ધરપકડ કરવાં અંગે ના નિયમો,
૮. ભાગીદારીના કિસ્સામાં ભાગીદારની ટેક્સ ભરવાની જવાબદારીના નિયમો.
૯. દંડના નિયમો
૧૦. માલની જપ્તીના નિયમો
૧૧. TDS, TCS તથા ઈનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર સિવાય રિટર્ન અંગે ના નિયમો. (ઉપર જણાવેલ રાહતો સિવાય)
૧૨. ઈ વે બિલ ના નિયમો.

(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)

# જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશનમાં આવ્યા મહત્વના સુધારાઃ આ જાણવા છે દરેક માટે જરૂરી!!

તા. ૨૪.૦૬.૨૦૨૦:જી.એસ.ટી. કાયદા હેઠળ ૨૪ જૂન ના રોજ મહત્વના જાહેરનામા બહાર પાડી, મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. આ ફેરફારો જાણવા સૌ માટે જરૂરી છે. આ જાહેરનામાની સરળ ભાષામાં સમજૂતી આપવા આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

**નોટિફિકેશનઃ ૫૦/૨૦૨૦, તા. ૨૪.૦૬.૨૦૨૦: કંપોઝીશન ના નિયમોમાં ફેરફાર**

૦૧.૦૪.૨૦૨૦ થી કંપોઝીશન હેઠળ જે વેરો ભરવા નો આવશે તે નીચે મુજબ રહેશે.

| ક્રમ | જી.એસ.ટી. હેઠળ કલમ | કરદાતાઓ નો પ્રકાર | વેરા નો દર |
|---|---|---|---|
| ૧ | કલમ ૧૦ ની પેટા કલમ ૧ અને ૨ | ઉત્પાદકો (આ દર સરકાર દ્વારા જાહેર કરાયેલ ખાસ ઉત્પાદકોને લાગુ પડશે નહીં) | પોતાના કુલ ટર્નઓવર ના ૧% (CGST ૦.૫ + SGST ૦.૫) (ઉત્પાદકોએ પોતાના કરમુક્ત સહિતના કુલ ટર્નઓવર ઉપર જી.એસ.ટી. ભરવાનો રહે છે) |
| ૨ | કલમ ૧૦ ની પેટા કલમ ૧ અને ૨ | રેસ્ટોરન્ટ ની સેવા આપતા કરદાતા | પોતાના કુલ ટર્નઓવર ના ૫% (૨.૫% CGST +૨.૫% + ૨.૫% SGST) |
| ૩ | કલમ ૧૦ની પેટા કલમ ૧ અને ૨ | ઉપર જણાવેલ સિવાય ના કરદાતા જેવા કે ટ્રેડર્સ-વેપારીઓ | કરપાત્ર માલ તથા સેવા ના ૧% (CGST ૦.૫ + SGST ૦.૫) |
| ૪ | કલમ ૧૦ની પેટા કલમ ૨A | જે કરદાતાઓ ઉપર મુજમ કંપોઝીશનમાં ના જય શકે તેવી સેવા પ્રદાન કરે છે તેવા સેવા કરદાતાઓ | કરપાત્ર માલ તથા સેવાઓ ઉપર ૬% (૩% CGST + ૩% SGST) |

**સંપાદક નોંધઃ** કંપોઝીશન કરદાતા કે જેઓ પોતાના મુખ્ય ધંધા ઉપરાંત સેવા પ્રદાન કરે તે અંગે ક્યાં દરે વેરો લાગુ પડે તે બાબતે અનેક પ્રશ્ન ઉઠી રહ્યા હતા. આ જાહેરનામા દ્વારા આ બાબતે ખુલાસો થઈ ગયો છે. મારા અંગત માટે, આ દરો ૦૧.૦૪.૨૦૨૦ થી લાગુ પડે. આ કારણે ૩૧.૩.૨૦૨૦ સુધી ટ્રેડરે આપેલ સેવા માટે, જે તે સેવા ના રેગ્યુલર દરે વેરો ભરવાનો થાય તેવું અર્થઘટન કોઈ કરી શકે.

# શું આપ GST હેઠળના કોમ્પોઝીશન વેપારી છો?? તો લેટ-ફી (દંડ) ભરવા તૈયાર રહો...!!!


## સરકારશ્રીના અમુક નિર્ણય સામાન્ય વ્યક્તિની સમજણ શક્તિ બહાર છે!!!

તા. ૩૦-૦૬-૨૦૨૦ના રોજ ઈસ્યુ કરેલ જાહેર નામાના અનુસંધાને અગર આપ GST ના Regular Dealer છો તો આપને જુલાય ૨૦૧૭થી જુલાય ૨૦૨૦ દરમ્યાન ના પત્રકો માત્ર રૂ. ૫૦૦/- પ્રતિ રીટર્ન થી ભરી શકો છો, પરંતુ જો આપ Composiyion Dealer છો તો આપ ને એવી કોઈ છૂટછાટ મળતી નથી.

દાખલા તારીખે જો આપ આજની તારીખમાં July-૨૦૧૭ થી Sept-૨૦૧૭નું Composition રીટર્ન ભરશો તો એવા રીટર્ન માં રૂ. ૧૦૦૦૦/- ની લેટ-ફી આવશે, જે આપ નીચે જોઈ શકો છો.



**પ્રતિક મિશ્રાણી**
ટેક્ષ એડવોકેટ - જુનાગઢ
Youtube Link:
https://www.youtube.com/
GST-Expert
પ્રેસ રીપોર્ટર
ટેક્ષ ટુડે - ઉના




આ વાતથી એટલું તો ચોક્કસ કહી શકાય કે સરકારશ્રી માત્ર મોટા વેપારી તથા ઉદ્યોગપતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લે છે જયારે નાના વેપારી જેનું વાર્ષિક ટર્નઓવર એક કરોડ રૂપિયાથી ઓછુ છે અને Composition Dealer છે, એવા વેપારી માટે કોઈ રાહત નથી. સરકારશ્રીના આ ગણિત સાથે ટેક્ષ ટુડે સહમત નથી. જોકે આ બાબતે એ કારણ પણ હોઈ શકે કે કંપોઝિશનમાં હાલમાં ભરવાના થતાં CMP-૦૮માં કોઈ લેઈટ ફી લાગતી નથી. પણ આ સમયે એ બાબત સરકારના ધ્યાન બહાર રહી ગઈ હોય તેવું બની શકે કે જે અગાઉના કંપોઝિશન રિટર્ન બાકી છે તેમાં તો લેઈટ ફી લાગે છે. કારણ જે હોઈ તે પણ કંપોઝિશન ના નાના કરદાતા તેઓની લેઈટ ફી પણ માફ થાય તેવી આશા સેવી રહ્યા છે.

# જી.એસ.ટી. હેઠળની મુદ્દત અંગે તારીખો યાદ રાખવામા મુશ્કેલી પડી રહી છે?? વાંચો આ લેખ અને જાણો અલગ અલગ ફોર્મ માટેની મુદ્દત



**Mahesh J. Bhesaniya**
- Tax Consultant-
Junagadh.
The author may be reached on
bhesaniyamj@yahoo.in

જી.એસ.ટી. કાયદા હેઠળ કોરોના મહામારીના પગલે મોટા પ્રમાણમા છૂટછાટ આપવામાં આવેલ છે. આ છૂટછાટ ખરેખર આવકાર્ય છે પરંતુ એક કરદાતા, એક ટેક્સ પ્રોફેશનલ્સ માટે આ મુદ્દત યાદ રાખવી ખૂબ મુશ્કેલ બની રહી છે. ટેક્સ ટુડે ગ્રૂપના એક લેખક વાંચકો માટે આ તારીખો નું સંકલન કરી એક ચાર્ટ લાવ્યા છે. આ ચાર્ટમાં જાહેર કરવામાં આવેલ તમામ મુદ્દતો નોટિફિકેશન ની વિગતો સાથે આપેલ છે. આશા રાખીએ છીએ કે આ ચાર્ટ આપને ઉપયોગી બનશે. આ ચાર્ટમાં કોઈ ફેર જણાય તો આપ અમને taxtodayuna@ gmail.com પર મેઈલ કરી શકો છો.

**GST Due dates Covid 19 Relief, Late Fees Exemption In Simple Way**
**As per Various Notif. Up to dt 30-6-20.**

**GST Dealers T/o Below 5 Crores : Interest and Late Fees Exemption Due dates.**

| Month | Notifi. for 3B | 3B Due Date | Notifi. for GSTR1 | Monthly GSTR-1 Due Date |
|---|---|---|---|---|
| FEBRUARY -2020. | 52/D.24-6-20. | 30-06-2020. | - | 11-3-2020. |
| MARCH - 2020. | 52/D.24-6-20. | 03-07-2020. | 53/D.24-6-20. | 10-07-2020. |
| APRIL-2020. | 52/D.24-6-20. | 06-07-2020. | 53/D.24-6-20. | 24-07-2020. |
| MAY-2020. | 52/D.24-6-20. | 12.-09-2020. | 53/D.24-6-20. | 28-07-2020. |
| JUNE-2020. | 52/D.24-6-20. | 23.-09-2020. | 53/D.24-6-20. | 05-08-2020. |
| JULY-2020. | 52/D.24-6-20. | 27.-09-2020. | - | Ext. Yet Not Notified |
| AUGUST-2020. | 54/D.24-6-20. | 01-10-2020. | - | Ext. Yet Not Notified |

| Quarterly GSTR-1 | Notifi. | Qt. GSTR-1 Due Date |
|---|---|---|
| January2020. to March 2020. Quarterly GSTR-1 | 53/D.24-6-20. | 17-07-2020. |
| April-2020. to June-2020. Quarterly GSTR-1 | " " | 03-08-2020. |

| Composition Dealers | CMP 08 Due Date |
|---|---|
| January - 2020. to March 2020. Qt- 4 | 07-07-2020. |
| GSTR -4 for FY 2019-20. | 15-07-2020. |
| April - 2020. to June-2020. Qt-1. | Ext. Yet Not Notified |

**GST Dealers T/o More than 5 Crores : Late Fees Exemption Due dates.**

| Month | Notifi. for 3B | 3B Ex.Due Date | Notifi. for GSTR1 | GSTR-1 Due Date |
|---|---|---|---|---|
| FEBRUARY -2020. | 52/D.24-6-20. | 24-06-2020. | - | 11-3-2020. |
| MARCH - 2020. | 52/D.24-6-20. | 24-06-2020. | 53/D.24-6-20. | 10-07-2020. |
| APRIL-2020. | 52/D.24-6-20. | 24-06-2020. | 53/D.24-6-20. | 24-07-2020. |
| May -2020. | 36/D.3-4-20. | 27-06-2020. | 53/D.24-6-20. | 28-07-2020. |
| JUNE-2020. | - | Ext. Not Notified | 53/D.24-6-20. | 05-08-2020. |
| JULY-2020. | - | Ext. Not Notified | - | Ext. Yet Not Notified |
| AUGUST-2020. | - | Ext. Not Notified | - | Ext. Yet Not Notified |

Mahesh J Bhesaniya - Tax Cunsultant- Junagadh.

# COVID-19 હેઠળ જી.એસ.ટી. કાયદા હેઠળ 3B રિટર્ન ઉપર લેઈટ ફી ભરવામાં કરદાતાઓને આપવામાં આવી રાહત

**નોટિફિકેશન ૫૨/૨૦૨૦, તા. ૨૪.૦૬.૨૦૨૦: ફેબ્રુઆરી થી જુલાઇ સુધી લેઈટ ફી માં રાહત**

જી.એસ.ટી. કાયદા હેઠળ રિટર્ન ઉપર લેઈટ ફી ભરવામાં કરદાતાઓ ને રાહત આપવામાં આવી છે. આ રાહતો નીચે મુજબ છે.

| ક્રમ | કરદાતાઓ નો પ્રકાર | રિટર્ન પિરિયડ | લેઈટ ફી માફી જો નીચેની તારીખ સુધી રિટર્ન ભરવામાં આવે તો માફ |
|---|---|---|---|
| ૧ | પાછલા વર્ષમાં ૫ કરોડ થી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતા | ફેબ્રુઆરી માર્ચ તથા એપ્રિલ ૨૦૨૦ ના રિટર્ન | ૨૪ જૂન ૨૦૨૦ સુધી |
| ૨ | પાછલા વર્ષમાં ૫ કરોડ થી ઓછું ટર્નઓવર ધરાવતા કરદાતા. ગુજરાત-દમણ-દીવના ક્લસ્ટર વાળા રાજ્યો માટે | ફેબ્રુઆરી ૨૦૨૦ | ૩૦ જૂન ૨૦૨૦ સુધી |
| ૩ | ઉપર મુજબ | માર્ચ ૨૦૨૦ | ૩ જુલાઇ ૨૦૨૦ સુધી |
| ૪ | ઉપર મુજબ | એપ્રિલ ૨૦૨૦ | ૬ જુલાઇ ૨૦૨૦ સુધી |
| ૫ | ઉપર મુજબ | મે ૨૦૨૦ | ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી |
| ૬ | ઉપર મુજબ | જૂન ૨૦૨૦ | ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી |
| ૭ | ઉપર મુજબ | જુલાઇ | ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી |

**સંપાદક નોંધઃ** ઉપરની તારીખ સુધીમાં જો રિટર્ન ના ભરવામાં આવે તો જે તે રિટર્ન ભરવાની સામાન્ય છેલ્લી તારીખ લેઈટ ફી લગાડવામાં આવશે અને આવા કરદાતાઓને COVID-19ના કારણે આપવામાં આવેલ લેઈટ ફી અંગે છૂટછાટ નો લાભ મળશે નહીં.

# જી.એસ.ટી. કાઉન્સિલે જાહેર કરેલી લેઈટ ફી અંગેની રાહત અંગેના જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

**જુલાઇ ૧૭ થી જાન્યુઆરી ૨૦૨૦ સુધી ના રિટર્ન ભરવાં લાગતી લેઈટ ફી અંગે રાહત જાહેર**

તા. ૨૪.૦૬.૨૦૨૦: જી.એસ.ટી. કાઉન્સીલની ૪૦ મી બેઠકમાં લેઈટ ફી અંગે જાહેર કરવામાં આવેલ રાહત અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ નીચેની રાહતો મળવા પાત્ર રહેશે.

| રિટર્ન પિરિયડ | લેઈટ ફી | શરતો |
|---|---|---|
| જુલાઇ ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૨૦ | ૫૦૦/- પ્રતિ રિટર્ન | ૧ જુલાઇ ૨૦૨૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં આ રિટર્ન ભરવાના રહેશે. |
| જુલાઇ ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૨૦ સુધીના NIL રિટર્ન | NIL લેઈટ ફી | ૧ જુલાઇ ૨૦૨૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં આ રિટર્ન ભરવાના રહેશે. |

આ તક આપવા બદલ ટેક્સ ટુડે સરકારનો જાહેર આભાર માને છે અને પોતાના મધ્યમથી કરદાતાઓ ને અપીલ કરે છે કે જો આપના કોઈ જૂના રિટર્ન બાકી હોય તો આ રાહતો નો લાભ લઈ, રિટર્ન ભરી આપવામાં આવે. આ પ્રકારની તક વારંવાર મળતી નથી. (ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)

# દમણ-દીવ, દાદરા નગર હવેલીમાં ડીઝલ ઉપરના વેટના દરોમાં કરવામાં આવ્યો વધારો!! ૧૫%થી વધારી વેટ ૨૦% કરવામાં આવ્યો

તા. ૦૧.૦૭.૨૦૨૦:દમણ અને દીવ માટે ડીઝલ ના વેટ ના દરોમાં વધારો કરવામાં આવ્યો છે. આ ડીઝલ ના વધારેલા દર અંગે ૩૦.૦૬.૨૦૨૦ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ દરો તા. ૦૧.૦૭.૨૦૨૦ ના મધ્ય રાત્રિ (રાત્રિના ૧૨ કલાક થી) અમલમાં આવશે. પેટ્રોલ-ડીઝલ ના ભાવમાં રોજ વધારો થઈ રહ્યો છે ત્યારે વેટમાંનો આ વધારા ને કારણે દમણ-દીવ તથા દાદરા નગર હવેલીમાં ડીઝલ ભાવમાં વધારો થશે. COVID-19ની આર્થિક ખેંચ ને પહોચી વળવા ઘણા રાજ્યો પેટ્રોલ-ડીઝલ ઉપર વેટ વધારા કરી આર્થિક સંતુલન કરવાના પ્રયાસ કરી રહ્યા છે જ્યારે આ વધારાથી પ્રજાનું આર્થિક સંતુલન બગડી જશે તે વાત ચોક્કસ છે.

(ભવ્ય પોપટ, એડિટર-ટેક્સ ટુડે)





# ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એસોસીએશન-અમદાવાદના હોદ્દેદારોને 'ટેક્ષ ટુડે'ની હાર્દિક શુભેચ્છા

**૨૦૨૦-૨૧ની એસોસીએશનની ટીમ**


શ્રી કેતન જી. મિસ્ત્રી
પ્રમુખ


શ્રી મોનિષ એસ. શાહ
ઉપપ્રમુખ


શ્રી મિહિર પુજારા
માનદ્ મંત્રી


શ્રી રૂષભ એમ. શાહ
માનદ્ મંત્રી

**શુભેચ્છક :**
**ભવ્ય ડી. પોપટ, એડિટર તથા ટીમ ટેક્ષ ટુડે**

# ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલટન્ટના હોદ્દેદારોને 'ટેક્ષ ટુડે'ની હાર્દિક શુભેચ્છા

**૨૦૨૦-૨૧ની એસોસીએશનની ટીમ**


પ્રમુખઃ
ભરતભાઈ એલ. શેઠ


વરિષ્ઠ ઉપપ્રમુખઃ
અરવિંદભાઈ આર. ગૌદાણા


માનદમંત્રીઃ
વિશ્વેષભાઈ એ. શાહ


માનદ ખજાનચીઃ
મૃદાંગ એચ. વકીલ

**શુભેચ્છક :**
**ભવ્ય ડી. પોપટ, એડિટર તથા ટીમ ટેક્ષ ટુડે**

# જી.એસ.ટી. પૂરા કરે છે ત્રણ વર્ષઃ વાંચો ટેક્સ ટુડે ગ્રૂપના ટેક્સ એક્સપર્ટસના અનુભવો એમના શબ્દોમાં...



By **Bhavya Popat,**
Advocate, Editor-Tax Today

જી.એસ.ટી.ના અમલને ત્રણ વર્ષ પૂરા થયા છે. ગીર સોમનાથ બાર એશો.ના સહયોગથી ટેક્સ ટુડે અવાર નવાર ગ્રૂપ ડિસકશનનું આયોજન કરતું હોય છે.

આ ગ્રૂપ ડિશકશનમાં CA-એડવોકેટસ ટેક્સ પ્રેકટીશનર્સ ભાગ લેતા હોય છે. કેવા રહ્યા GSTના આ ત્રણ વર્ષ?? શું હતી અપેક્ષાઓ GST લાગુ થવાથી? શું એ અપેક્ષાઓ પુર્ણ થઈ છે?, શું સુધારાઓ જરૂરી છે જી.એસ.ટી.માં? આ અંગે પોતાના અભિપ્રાયો રજૂ કરી રહ્યા છે ટેક્સ પ્રોફેશનલ્સ... વાંચો એમના શબ્દોમાં.....

## CA MONISH SHAH,

**AHMEDABAD, Vice President, CA Association Ahmedabad, Leading Chartered Accountant, Ahmedabad & Tax Today Expert**



01-07-2017 was the day when Indirect Tax went through a radical change. Introduction of the biggest revolution struck in India at 00:00 hours on 01-07-2017. Just like a New Child was born celebration was carried out across India. GST evolved like a child. It gave so much pain at the time of delivering. Just like a new born baby everyone had high expectations from GST and her foster mother GSTN. GST's foster mother did not abide to the law and was always out of line. This made GST also a bad person. The expectations that were to reduce compliance and smoothening of law did not happen because GSTN never paid attention and to make matter worse the son and daughters of GST (Notification & Circulars) were like Chameleon and kept changing colours. This has created so much mess that most of the guards of GST (Tax Professionals/ CA/ Lawyers) have to run after him to ensure proper order prevails. However, the promises the king and the queen had from GST also kept on breaking due to the daughters and sons of GSTN. GST was never bad. It had all the good mannerisms and culture. However it just lost its path and has moved to being a pain for the compliance and other matters. Clearly one can see that GST failed its main criteria of Seamless credit flow.

## SAMIR TEJURA,

**Leading Tax Advocate, Porbandar & Tax Today Reporter**



ભારતમા જીએસટી ને આવીએ ત્રણ વર્ષ પુરા થયા પરંતુ હજુ સુધી કાયદો ખરા રૂપે આવ્યો ન હોય તેવું લાગે છે કારણ કે આ કાયદો સમગ્ર દેશમાં લઈ આવવાનો મૂળભૂત હેતુ one nation one tax હતો તે તો ક્યાંય દેખાતો જ નથી અને એવું લાગે છે કે આખો કાયદો તર્ક-વિતર્ક ઉપર જ આપણા બ્યુરોક્રેટસ એ ઘડેલો હોય અને ઘણી જુલમી તથા અમાનવીય જોગવાયો મૂળભૂત કાયદામાં નોટિફિકેશન દ્વારા નાખી દીધી છે. કાયદાનો મુખ્ય હેતુ simplified ટેક્સ compliance કરવાનો હતો પરંતુ ત્રણ વર્ષ પૂર્વે થયે એ પણ આવું કઈ દેખાતું નથી.

ખરેખર આ પરિસ્થિતિમાં જો સુધારો લાવવો હોય તો વેપારીઓ તથા stakeholder ને કોન્ફિડન્સ લેવા જોઈએ, જાણવું જોઈએ અને તેઓની જરૂરીયાત પ્રમાણે યુઝર ફ્રેન્ડલી જીએસટીનું ટેકસ સ્ટ્રક્ચર તથા કોમ્પ્લાયન્સ કરવા જોઈએ કારણકે આપણો ભારત દેશ હજુ એટલો વિક્સિત નથી એટલે આટલી બધી accuracy અપેક્ષા ન રાખી શકાય. બીજું કે આ કર માળખામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ને ઘણી બધી સત્તાઓ આપવામાં આવી છે પણ જ્યારે આટલી વસ્તીવાળો આપણો દેશ હોય તો તે કામ ને એકલા હાથે સમયસર પહોંચી વળવું શક્ય જ નથી જેથી કરીને વકીલ તથા કરવેરા સલાહકાર ને પણ સંપૂર્ણ સત્તા આપવી જોઈએ કારણકે જીએસટી પૂર્વેના કાયદાઓમાં તેઓ ની ભૂમિકા ખૂબ મહત્વની રહી છે. હાલની પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે જાણે આ કાયદો સર્વિસટેક્સ, એક્સાઈઝ તથા વેટ કાયદાઓ નો ખીચડો છે અને આને હવે મૂળભૂત રુપે સુધારવો જોઈએ. અમુક ચીજવસ્તુઓને કેટલી હજી આ કાયદામાં લીધી નથી તો તે પણ જીએસટી કાયદામાં આવરી લેવી જોઈએ જેથી કરીને કાયદો સમજવામાં તથા compliance માં સરળતા રહે.

## YASH BUDDHDEV,

**Leading Tax Advocate, Porbandar**

**શુ હતી જી.એસ.ટી. લાગુ થવાથી અપેક્ષાઓ?**



Expectations were high due to techno savvy image buildup by Honorable PM as well as leading industry company was given complete free hand for build up of portal but to utter dismay both have failed miserably.

Frequent changes to rules, rates and laws have made work cumbersome as well as complicated. Some botched up benches giving Advance Ruling which can make any learned professional cringe.

But on positive note it had made life of professionals who are associated with GST easy as no laymen can understand GST notifications or circulars without help and value chain has been created for professionals.

**ત્રણ વર્ષ બાદ શુ છે જમીની સ્તરે હકીકત?**

Still not able to find 5 Year old child who can file returns & GST compliance papers.

Due date jumlas are notch ahead of portal and portal doesn't understand law.

Return once filed cannot be revised is utter failure on part of GSTN.

**શુ સુધારાઓ કરવા છે જરૂરી?**

Revised return protocol

Portal updates as per law & rules

Design of Cross matching of ITC like VAT regime.

"Inspector Raj" which got established by some punishment rules needs to be amended.

## LALIT GANATRA,

**Leading Tax Advocate, Jetpur & Tax Today Expert**



આજે ભારત માં જીએસટી લાગુ થયો તેને ૩ વર્ષ પુરા થયા. આ ૩ વર્ષમાં આપણે જીએસટી કાયદા માં સતત ફેરફાર થતાં જોયા. નોટીફીકેશન/ સર્ક્યુલર/RDO/પ્રેસ રીલીઝ અને કાયદા સુધારા બીલ પણ જોયા.

એક દેશ એક ટેક્ષ ના ઢોલ નગાર સાથે આવેલ કાયદો અત્યારે ગુચવાય ગયેલ ટેક્ષ નો કાયદો બની ગયો છે.

સતત ફેરફારો માં ઓરીજનલ શુ જોગવાઈ હતી અને હાલ શુ જોગવાઈ છે તે યાદ રાખવું લગભગ દરેક ટેક્ષ પ્રોફેશનલ માટે અઘરુ થઈ ગયું.

જીએસટી જ્યારે લાગુ કરવામાં આવ્યો હતો ત્યારે જાહેરાતો કરવામાં આવી હતી કે સ્કુલ માં ભણતા વિદ્યાર્થી પણ આ રીટર્ન ભરી શકશે પણ શરુઆત ના સમય માં જ ખબર પડી ગઈ કે બકવાસ પ્રકાર ના રીટર્ન ફોર્મેટ લાગુ કરવામાં આવ્યા છે અને તેના વીકલ્પ રુપે બે મહીના પુરતુ ૩બી જે લાગુ કરવામાં આવ્યુ હતુ તે ૩ વર્ષ પણ મુખ્ય રીટર્ન તરીકે કામગીરી કરી રહ્યું છે કદાચ જીએસટી રહેશે ત્યાં સુધી આ જ રીટર્ન મુખ્ય રીટર્ન રહેશે તેવું દેખાઈ રહ્યું છે..

જીએસટી લાગુ કર્યા પછી કેન્દ્ર સરકાર અને દરેક રાજ્ય સરકાર ને જે આશા હતી રેવન્યુ વધવાની તે પણ જીએસટી થી વધી નથી.

જીએસટી એક નાપાસ થયેલ કાયદો કહેવું પણ કશુ ખોટુ નથી.

ટેક્ષ ની કામગીરી કરતા પ્રોફેશનલ હોય કે મહેતાજી હોય દરેક ફી તો ચોકક્સ વધી છે પંરતુ સાથે સતત ટેન્શન, ચિંતા ને લીધે બ્લડ પ્રેશર અને સુગર પણ વધી ગયું છે. વર્ષો જુની પ્રેક્ટીસ કરતા વ્યવસાયીકો એ પોતાની પ્રેક્ટીસ પણ બંધ કરી દીધી હોય તેવા દાખલા જીએસટીએ બેસાડ્યા છે.

આમ ટુંક માં કહીએ તો આ કાયદો દરેક રીતે નાપાસ થયેલ છે પછી તે

૧) સરળીકરણ ની ભાષામાં વેપારીની કે ટેક્ષ ના પ્રોફેશનલ ની સમજ નો હોય. રોજ નવા નોટીફીકેશન/સુધારા/ફેરફારો ને લીધે કોઈ ને બધુ યાદ રહે તે શક્ય નથી

૨) રીટર્ન ભરવાની બાબતમાં ટેક્ષ પ્રોફેશનલ હોય. આટીઘુટી અને ટેકનીકલ ઈશ્યુ ના લીધે રીટર્ન સમય સર ભરાતા નથી.

૩) ટેકનોલોજી ની બાબત માં જીએસટી પોર્ટલ હોય. છેલ્લી તારીખો માં તો પોર્ટલ ઓવરલોડ ના લીધે ના ચાલે પંરતુ જે દીવસે ટ્રાફીક ના હોય ત્યારે પણ પોર્ટલ નથી ચાલતું

૪) રાજ્ય અને કેન્દ્ર સરકારી ની રેવન્યુ બાબતે હોય. જીએસટી ના બંધારણીય સુધારા ને લીધે બીજી કોઈ પણ રીતે આવક વધારી શકે તેમ હવે રાજ્ય કે કેન્દ્ર સરકાર નથી જ્યારે જીએસટી માં ગમે તેટલા ફેરફાર કર્યા તો પણ આવક વધતી નથી.

ટુંક માં કહુ તો જીએસટી ૨ ની જરુર ભારત ને ૧૦૦ ટકા છે. હાલ ના દરેક સુધારા નોટીફીકેશન ને આવરી ને દરેક ને સરળ પડે તેવી સમજતી અને રીટર્ન પ્રોસીઝર સાથે નવા રંગરુપ સાથે જીએસટી -૨ લાવવા માટે જીએસટી કાઉન્સીલે ભલામણ કરવી જોઈએ.

## PAURAV POPAT,

**Leading Tax Advocate, Rajkot**



GST કાયદો લાગુ થયાને આજે એટલે કે તા.૩૦/૦૬/૨૦૨૦ના રોજ વર્ષ પુરા થઇ ગયા છે. GST કાયદો લાગુ થયા પહેલાં સરકારશ્રી દ્વારા GST કાયદા અનુસંધાને અનેક જાહેરાતો કરવામાં આવેલ હતી. ઉપરાંતમાં સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ કે જે તે રાજ્યનો વેટ સેલ્સ ટેક્સ કાયદો અમલમાં હતો તેના કરતાં GST કાયદો સરળ અને સહેલો આવશે. ઉપરાંતમાં સરકારશ્રી દ્વારા "ONE NATION ONE TAX"નું સુત્ર આપી ભારતભરમાં કાયદાની એકસુત્રતા જળવાશે તેવી જાહેરાત કરવામાં આવેલ. પરંતુ આજે કાયદો આવ્યે ત્રણ વર્ષનો સમય વીતી ગયા હોવા છતાં વાસ્તવિકતા કંઇક અલગ છે, આ કાયદામાં ઘણી બધી હાલાકી આજની તારીખે વેપારી વર્ગને ભોગવવી પડે છે. જેનો સત્વરે ઉકેલ આવે તેવા આશય સાથે મુખ્ય સમસ્યા હાલાકી નીચે મુજબ છે.

**(૧) નોટીફીકેશન / સરક્યુલર :**

પ્રથમ તો વેટ કાયદો ગુજરાત રાજ્યમાં જ્યારે અમલમાં હતો ત્યારે સરકારશ્રી દ્વારા કાયદામાં થયેલ ફેરફાર અન્વયે નવા - નવા સુધારા વધારા અમુક ચોક્કસ નક્કી થયેલ તારીખથી જ કરી તેની માહીતી નોટીફીકેશન કે સરક્યુલર દ્વારા આપવામાં આવતી હતી જ્યારે GST કાયદા અંતર્ગત સરકારશ્રી દ્વારા ગમે ત્યારે તેમજ જુની તારીખથી નવા સુધારા-વધારા, નોટીફીકેશન, સરક્યુલર બહાર પાડી તેને અમલી કરવામાં આવે છે આમ થવાથી વેપારીવર્ગ તથા તેમના સલાહકારોએ હંમેશા સજાગ રહી વારંવાર તપાસવું પડે છે કે આજની તારીખે વેપારી વહીવટ કરતી વખતે તેને લગતું કોઇ નોટીફીકેશન કે સરક્યુલર GST કાયદામાં નવું આવેલ તો નથી. આમ GST કાયદામાં સરકારશ્રી દ્વારા સુધારા વધારા માટે કોઇ સમય નક્કી નથી કરેલ પરતું દર મહીને જ્યારે GST કાઉન્સીલની બેઠક થાય અને તેમાં જે નક્કી થાય તે અમલી કરી દેવામાં આવે છે. જેથી GST કાયદો આવેલ ત્યારે જે તે નિયમનું મુળ સ્વરૂપ જ આવા નોટીફીકેશન કે સરક્યુલરથી ફરી જતું હોય છે. જેનું પાલન કરવામાં વેપારી વર્ગને મુશ્કેલી પડે છે જેનો અનુભવ દરેકને નવેમ્બર-૨૦૧૯માં આવેલ ક્લેરીફીકેશન એ અને GST3B માં ITC મેચ મીસમેચ અને જોબવર્ક અનુસંધાને આવેલ નોટીફીકેશનનો થયેલ હશે જ.

**(૨) સર્વર ડાઉનની સમસ્યા :**

બીજી મુખ્ય સમસ્યા કે હાલાકી GST પોર્ટલની છે. GST કાયદો આવ્યો ત્યારથી દર માસમાં GST રીટર્ન ફાઇલ કરવા માટે બે વખય ડ્યુ ડેઇટ આવે છે. GSTR1 દર માસની ૧૧મી તારીખ મંથલી કેટેગરી માટે તેમજ GSTR3 દર માસની ૨૦મી તારીખ જે વખતે છેલ્લા દિવસોમાં હંમેશા GST પોર્ટલ ડાઉન રહે છે અથવા તો ઓવર લોડને સાઇટ કામ કરતી બંધ થઇ જાય છે. સમગ્ર ભારતના વેપારીઓ માટે એકજ પોર્ટલ હોવાથી આ તકલીફ GST કાયદો અમલમાં આવ્યો ત્યારથી જ છે જેનું હજુ સુધી નીરાકરણ આવેલ નથી. ગુજરાત સેલ્સટેક્સ તથા ગુજરાત વેટ કાયદામાં માસીક ચલણ ભરવાની તારીખ અને રીટર્ન ફાઇલ કરવાની તારીખ અલગ અલગ હતી જ્યારે GST કાયદામાં ટેક્સ ભરવાની તારીખ અને રીટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ એક જ છે આમ બન્ને તરીખ અલગ અલગ જો કરી આપવામાં આવે તો સર્વર ડાઉનની સમસ્યા થોડે અંશે દૂર થશે.

**(૩) ટર્નઓવર આધારીત એક જ રીટર્નની અલગ અલગ ડ્યુ ડેઈટ :**

સરકારશ્રી દ્વારા સર્વર ડાઉનની સમસ્યાના નીરાકરણ માટે અલગ અલગ રાજ્યોના ગ્રુપ કરી તેમા પણ રૂ.૫ કરોડથી વધુ ટર્નઓવર અગાઉના નાણાંકિય વર્ષમાં ધરાવતા જે તે રાજ્યોના વેપારીઓની ડ્યુ ડેઇટ અલગ તથા રૂ.૫ કરોડથી ઓછુ ટર્નઓવર ધરાવતા વેપારીઓની ડ્યુ ડેઇટ અલગ કરી વધુ ગુંચવણભરી સ્થિતી ઉપસ્થિત કરેલ છે. આમ વેપારી વર્ગ તથા તેના ટેક્સ પ્રેક્ટીશનરોએ એક ચાર્ટ બનાવી નિયમીત ચેક કરવું પડે છે કે ક્યાં GST રીટર્નની ડ્યુ ડેઇટ કઇ તારીખે આવે છે. તેમ છતાં પણ સર્વર ડાઉન થવાની સમસ્યા ઉભી જ છે. જેની તુલનામાં ઇન્કમટેક્સના રીટર્ન કે જેનું વાર્ષિક એકજ પત્રક ફાઇલ કરવા માટે પણ સમગ્ર ભારતમાં એક જ પોર્ટલ છે છતા પણ આખરી દિવસોમાં સર્વર ડાઉનની સમસ્યા નહિવંત છે.

**(૪) અલગ-અલગ ભાગમાં ટેક્સનું વિભાજનઃ**

સરકારશ્રી દ્વારા GST કાયદામા I.GST, C.GST, S.GST તથા સેસ એમ ચાર ભાગમાં ટેક્સનું વિભાજન કરી જે તે હેડ હેઠળ ટેક્સ ભરવાનો નિયમ અમલમાં મુકેલ જેમાં પણ ઘણા સંજોગોમાં વેપારીઓને C.GSTના જમાં ટેક્સની ITC, I.GST વેંચાણમાં પ્રથમ બાદ કરવાના નિયમને લીધે અમુક સમયાંતરે C.GSTની ક્રેડીટ ઓછી અથવા શુન્ય હોય અને S.GST જમાં હોવા છતા C.GST ભરવાનો થાય છે જે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ છે.

## NIRAV ZINZUVADIYA,

**Leading Tax Advocate, Amreli & Tax Today Reporter**



GST કાયદો આવિયાને આજે ત્રણ વર્ષ પૂર્ણ થવા જઈ રહિયા છે. GST કાયદો ખૂબ સરસ છે પણ આનુ પ્રેક્ટિકલ લેવલ તદ્દન ઉધુ છે. GST RULES અને ACT બન્ને જુદી દીશામા ચાલે છે. પ્રેકટીકલી GST કાયદાનો અમલ આ બને વિરૂધ્ધ ચાલે છે. GST કાયદો ખુબ સરસ છે. પરંતુ આનો ફયદો હજુ સુધી નીચલા લેવેલે પોહચીયો નથી. GSTની વેબસાઇટ છેલ્લા દિવસોમા ચાલતી નથી આજે ત્રણ વર્ષ પુરા થવા જઈ રહિયા છે છ્તા પણ પેહલા બે વર્ષમા પડેલી મુસ્કેલી હજુ ચાલુ જ છે. GSTમા હાલ કોઇ સુધારા વધારા માટે પેહલા GST કાઉન્સીલ ભલામણ કરે ત્યારે બાદ આના નોટીફીકેશન બહાર પાડવામા આવે છે. ધણી વખત GST કાઉન્સીલની ભલામણ બાદ પણ નોટીફીકેશન બહાર પાડવામા આવતા નથી.

GST કાયદો લાવવા પાછળનુ કારણ એક પ્રકારે બધી પ્રક્રીયા ઓનલાઇન કરવાની હતી પરંતુ આ વસ્તુ અમલમા અવેલ નથી અને લોકલ ઓફીસમા કામ કરવા ધક્કા ખવા પડે છે. જેટલી જલ્દી નોટીફીકેશન બહાર પાડી સુધારો કરવામા આવે છે. તેટ્લી ઝડપથી GSTની વેબસાઇડમા સુધારો થઇ રહ્યો નથી.

આજે જે રીર્ટન ભરવાની છેલ્લી તારીખ નથી તે ભરતા પણ દંડ આવે છે. આજે ત્રણ વર્ષે પણ જમીનીસ્તરે GSTની હકીકત ખુબ ખરાબ છે, ખરેખર તો GST કાયદામા એટલા બધા સુધારા આવ્યા કે વેપારી તો થીક ખુદ એડવોકેટ પણ આ કાયદા ને યાદ રાખી શકતા નથી. આ લોકડાઉનના સમયમા પણ એટલી બધી વખત GST રીર્ટન ભારવાની તારીખ વધારવામા આવી કે કોઇ પણ વ્યકિતને યાદ રાખવી ખુબ અઘરી છે.

GST પોર્ટલ બરોબર ચલતુ નથી. હાલ આ લોકડાઉનના સમયમાં પણ સરકાર દ્વારા અમુક રિટર્નસ તથા GSTના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં અવ્યો છે પણ આ બાબતનું નોટિફિકેશન હોવા છતાં GST પોર્ટલ અમુક ફોર્મ ભરવા દેતું નથી અને તેની ફરિયાદ કરવા છતાં કોઈ નિરાકરણ આવેલ નથી. આ ઉપરાત સરકારી અધિકારીઓ આ કાયદા તથા નોટિફિકેશનને બાજુમાં રાખી પોતાની રીતે કામ કરે છે.

GST કાયદાની વ્યવસ્થીત અમલ માટે ખરેખર તો ગ્રાઉન્ડ લેવલ સુધારવાની જરૂર છે. જેમ જેમ કાયદા મા સુધારો વધારો આવે તેમ તેમ GSTના અધીકારીઓને પણ કાયદાના સુધારા વધારાની માહીતી આપવી જોઇએ. ઘણી વખત કરવામા આવતા સુધારા વધારા પણ નુકશાન કારક છે.

## DIVYESH SODHA,

**Leading Chartered Accountant, Porbandar & Tax Today Expert**



Three years of GST. In the process of making law simple, the law makers are making it more complicated.

For ease of doing business, simplification of compliance of law is necessary.

Till few times back everyone are of the opinion that GST portal is eighth wonder of world. But since few months the way the Advance rulling authorities are pronouncing illogical orders, it has totally changed our concepts.

## BHARGAV GANATRA

**(CA Student & Article)**



સૌ પ્રથમ તો મિત્રો, આપણે જાણીએ છીએ તેમ ભારતીય બંધારણના ૧૦૧મા સુધારા તરીકે આવેલા GSTના કાયદાને આજે એટલે કે ૧ જુલાઈ, ૨૦૨૦ના રોજ ૩ વર્ષ પુરા થાય છે . ૧૮ GST કાઉન્સિલ પછી અમલમા લાવેલા આ ઐતિહાસિક કાયદા ઉપર પુરા ભારતના Indirect Taxની આવકનો ભાર રહેલો છે. આ કારણોસર કર વ્યવસાયિકો તથા ધંધાકીય બાબતો સાથે સંકળાયેલા લોકોને GST કાયદાના અમલીકરણથી જ સુડોળ અને સરળ માળખાની આશા રહેલી છે.

આજે જયારે જી.એસ.ટી.ને ૩ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે ત્યારે GSTNની નબળી કાર્યક્ષમતા તથા અમુક અંશે ધંધાકીય લોકો ને હેરાન કરતી કલમો જેવી કે ૧૬(૪) અથવા ૩૬ (૪) ને લિધે લોકોની આશામા થોડીક ખામીઓ હોય એવુ લાગે છે. આ સિવાય જો રાજયો ને આપવામા આવતા GST Compensation ની વાત કરીએ તો પંજાબ, કેરેલા અને દિલ્હી જેવા રાજયો એ આવકની અછતને કારણે નાણાકીય વર્ષે ૨૦૨૧-૨૨મા પુરા થતા વળતરના સમયગાળાને વધુ બે વર્ષે વધારવાની માગ કરી છે.

જી.એસ .ટી. ભારતીય અર્થતંત્રની આવક નુ એક અવિભાજ્ય અંગ હોવાથી તેમા રહેલી ત્રુટીઓ દુર કરવી ખુબ જ જરુરી છે. અને આ માટે સૌ પ્રથમ GSTN પોર્ટેલની નબળી કાર્યક્ષમતામા સુધાર લાવવો ખુબ જ જરૂરી છે. આ ઉપરાંત ધંધાકીય લોકો તથા કર વ્યવસાયિક લોકોને પડતી મુશ્કેલીઓને સરકારશ્રી સુધી પહોચાડવી પણ ખુબ જરૂરી બને છે. આ વાત સરકારશ્રી સુધી પહોચવી તો જ વધુ સરળ બને જો વિવિધ ગ્રાઉન્ડ લેવલના કર વ્યવસાયિકો ને રાજય તથા કેન્દ્રની જી.એસ .ટી. અંગેની કમિટી બનાવી તેમા સ્થાન આપવામા આવે.

વાંચક મિત્રો, આ તમામ પ્રોફેશનલ્સ જમીનીસ્તરે જી.એસ.ટી. ક્ષેત્રે કામ કરી રહ્યા છે. જી.એસ.ટી. હેઠળ તેઓનો અભિપ્રાય ખૂબ મહત્વ ધરાવે છે. હું પોતે માત્ર એક બાબત ની આશા જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફે રાખું છું. આવનારા વર્ષોમાં જાહેરનામાની ભાષા થોડી સહેલી બનાવવામાં આવે જેથી 'એટલિસ્ટ' પ્રોફેશનલ્સને તો આ જાહેરનામાનું અર્થઘટન કરવું વધુ અઘરું ના બને.

RP Web Solutions
Website For Everyone...
Special Offer
For Advocates & C.A.
Package Includes:-
★ Web Desiging
★ Free SSL Certificate
★ Free Domain (.com/.in/.co.in)
★ Free 2 Corporate Email ID
★ Free Hosting
★ Free 1 Year Support
*The above freebies are for one year.
Only Rs.7499
Contact Us:-
+91 84888 55506
rpwebsolution2020@gmail.com

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

### --- જી.એસ.ટી. ---

**અમો જી.એસ.ટી.નંબર ધરાવીએ છીએ. અમારો પેસ્ટીસાઈડ નો ધંધો છે. એક વર્ષ નું ટર્નઓવર ૧૦,૦૦૦ છે. અમારી પાસે એક ટ્રક અને કોઈક વાર અન્ય GTA કે Non-GTA પાસે ટ્રક ભાડે લઈ, રજિસ્ટર્ડ કરદાતાઓને ભાડે આપીએ છીએ. અમારી GTA ની ગ્રોસ રિસીસ ૪૦ લાખ આસપાસ છે. ટ્રાન્સપોર્ટની સેવા આપતી વખતે કોઈ કન્સાઈમેન્ટ નોટ કે બીજું કોઈ ડોક્યુમેન્ટ બનાવતા નથી. મહિનાના અંતિમ દિવસે અમે ૧ ટ્રીપ શીટ સાથે આખા મહિનાનું ૧ ઈન્વોઈસ બનાવીએ છે. અમારા પ્રશ્નો નીચે મુજબ છે.**

- **અમારીઆ સેવા ટ્રાન્સપોર્ટ ની સર્વિસ GTA તરીકે ની કહેવાય?**
- **અમેજે બીજા રજીસ્ટર (GTA) કે અનરજીસ્ટર (NON GTA ) વ્યક્તિ પાસેથી ટ્રક ભાડે લઈએ તેના ઉપર કોઈ RCM ભરવામાનો થાય?**
- **અમારી આ સેવામાં અમારા રેસિપીયન્ટ એ RCM ભરવાની જવાબદારી આવે?**
- **અમારેઆ ટ્રાન્જેક્શન GSTR3-B અને GSTR-1 માં ક્યાં કોલમ માં બતાવવું પડે? - સુરેશભાઈ**

જવાબઃ

- તમે કોઈ કંસાઈનમેંટ નોટ કે તેના જેવો કોઈ ડોક્યુમેંટ આપતા નથી. અમારા મતે તમારી સેવા જી.એ.સ.ટી. કાયદા હેઠળ GTA ના ગણાય.
- અનરજિસ્ટર્ડ વ્યક્તિ પાસેથી જે ટ્રક ભાડે લો છો તેના ઉપર RCM ની જવાબદારી આવે નહીં.
- તમે જી.એસ.ટી. હેઠળ GTA ના હોય તમારી સેવા મેળવનાર એ RCM હેઠળ વેરો ભરવાંની જવાબદારી આવે નહીં.
- અમારા મતે તમારી ટ્રક ભાડે આપવાની સેવા જી.એસ.ટી. નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૧૮/૨૦૧૭ મુજબ NIL રેટેડ ગણાય અને GSTR 3B તથા ૧ માં એક્સેમ્પ્ટ-NIL રેટેડ માં બતાવવાની રહે.

**અમો U/S ૧૦ હેઠળ COMPOSITION ડીલર છીએ. અમો અમારા નામ ની પ્લાસ્ટિક કોથળી છપાવી દરેક પ્રકારના ફરસાણનું વેચાણ કરીએ તો કેટલા ટકા ટેક્સ લાગે? કાગળમાં છૂટક વેચાણ કરતા કેટલા ટકા ટેક્સ લાગે? ફરસાણ ઉપરાંત બેકરીની આઈટમ ઉપરોકત બતાવ્યા મુજબ પ્લાસ્ટિકની છાપેલી કોથળીમાં વેચાણ કરતા કેટલો ટેક્સ ભરવો પડે? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ આપ કંપોઝીશન હેઠળ નોંધાયલે કરદાતા હોય ફરસાણ બનાવવાની પ્રવૃતિ ઉત્પાદન ગણાય,કુલ ટર્નઓવર ઉપર ૧% જી.એસ.ટી. ભરવો પડે. ફરસાણ સાથે બેકરીની ચીજવસ્તુ વેચાણ કરવાનો ધંધો, ઉત્પાદન ના હોવા છતાં તેના ઉપર કુલ વેચાણ ઉપર ૧% લાગે.

**અમારા અસીલ રેતીની લિઝ ધરાવે છે.અમો એસકેવેટર દ્વારા રેતી કાઢી વેપારીને ઓન સાઈટ ડિલીવરી આપે છે. ટ્રકના સ્પેર્સ, ટાયર્સની ઈન્પુટ ટેક્સ ક્રેડીટ કલેઈમ કરીએ છીએ. તેઓ બિલ બીલ રેતીના વેચાણનુ જ બનાવે છે. આ કિસ્સામાં આ કંપોઝીટ સપ્લાય ગણાય? ક્યાં દરે વેરો ભરવો પડે? - વિજય કોરડિયા, એડવોકેટ, ભુજ**

જવાબઃ અમારા મતે આ સેવા કંપોઝીટ સર્વિસ ગણાય. આ પ્રવૃતિમાં રેતીનું ખનન કામ એ મુખ્ય પ્રવૃતિ ગણાય અંગે તેના ઉપર લાગુ પડતાં દરેજ ટેક્સ ભરવાની જવાબદારી આવે.

**અમો U/S/ ૧૦ હેઠળ COMPOSITION ધરાવીએ છીએ. જે કરપાત્ર વસ્તુ URD હેઠળ ખરીદ વેચાણકરીએ તો ખરીદ વેરો ભરવો પડે? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ ના, હાલ જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૯(૪)નો RMC બિલ્ડર-ડેવલોપર સિવાય લાગુ ના પડતો હોય, તમારી URD ખરીદીઓ ઉપર ખરીદી વેરો ભરવો પડે નહીં.

**અમારા અસીલ ૩૧.૩.૨૦૨૦ સુધી રેગ્યુલર કરદાતા હતા. તેઓ ૦૧.૦૪.૨૦૨૦ થી કંપોઝીશનમાં જવા અરજી કરે છે. હવે અમારા સ્ટોક ઉપર જે માલ રહેલો છે તેની ક્રેડિટ અમારે રિવર્સ કરવી પડે? ક્રેડિટ લેજર માં કોઈ બેલેન્સ નથી તો શું આ રકમ કેશ લેજર દ્વારા ભરવી પડે?? અમારી પડે કેપિટલ ગુડ્સ પણ છે જેની ક્રેડિટ શૂન્ય થઈ ગઈ છે? આ કેપિટલ ગુડ્સ ઉપર વેરો ભરવાની જવાબદારી આવે? - નિમર્લ પટેલ, બોટાદ**

જવાબઃ હા, તમારા અસિલે કંપોઝીશન માં જવા અરજી કરતાં સમયે (૦૧.૦૪.૨૦૨૦ એ) સ્ટોકમાં જે માલ રહેલો છે તેની ક્રેડિટ રિવર્સ કરવી પડે. તેવી રીતે કેપિટલ ગુડ્સ ની ખરીદી કરેલ હોય ત્યારથી તેની ઉમર ૫ વર્ષ ની અંદાજી, દર ત્રિમાસ માટે ૫% પોઈન્ટ જેટલી ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઘટાડવી પડે. આ માટે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૮(૪), નિયમ ૪૨, ૪૩, ૪૪ જોઈ જવા વિનંતી છે.

**દમણ અને દીવ તથા ગુજરાત ના કરદાતાઓ માટે જી.એસ.ટી. કાયદા હેઠળ માર્ચ, એપ્રિલ, મે, જૂન-૨૦ ના જી. એસ. ટી. આર. ૩ તથા જી.એસ.ટી.આર. ૧ ભરવાની ITC ૦૪ ભરવા ની છેલ્લી તારીખ કઈ છે? - બિપિનચંદ્ર મહિયાવંશી, દમણ**

જવાબઃ ગુજરાત તથા દમણ-દીવ ના કરદાતાઓ એ જી.એસ.ટી.આર. ૩ તથા ૧ ની લેઈટ ફી નીચે મુજબની તારીખો સુધી માફ કરવામાં આવેલ છે.

| ટર્નઓવર | મહિનો | GSTR3B | GSTR1 |
|---|---|---|---|
| ૧.૫ કરોડ સુધી | માર્ચ | ૩ જુલાઈ | ૩૦ જૂન |
| | એપ્રિલ | ૬ જુલાઈ | ક્વાટરલી હોય લાગુ નથી |
| | મે | નોટિફીકેશન બાકી | |
| | જૂન | નોટિફીકેશન બાકી | ૩૧ જુલાઈ |
| ૧.૫ કરોડ થી ૫ કરોડ સુધી | માર્ચ | ૨૯ જૂન | ૩૦ જૂન |
| | એપ્રિલ | ૩૦ જૂન | ૩૦ જૂન |
| | મે | નોટિફીકેશન બાકી | ૩૦ જૂન |
| | જૂન | નોટિફીકેશન બાકી | નોટિફીકેશન બાકી |
| ૫ કરોડ થી ઉપર | માર્ચ | ૨૪ જૂન | ૩૦ જૂન |
| | એપ્રિલ | ૨૪ જૂન | ૩૦ જૂન |
| | મે | નોટિફીકેશન બાકી | ૩૦ જૂન |
| | જૂન | નોટિફીકેશન બાકી | નોટિફીકેશન બાકી |

ITC ૦૪ ભરવાની મુદ્દત ૩૦ જૂન સુધી ની છે.
આ બાબતે એક વાત સમજવી ખૂબ જરૂરી છે કે આ સમય ગાળા માટે રિટર્ન ની ડ્યુ ડેઈટ વધારવામાં આવી નથી. માત્ર જી.એસ.ટી. કાયદા ની કલમ ૪૭ હેઠળ લગતી લેઈટ ફી આ તારીખ સુધી માફ કરવામાં આવે છે.

**અમારા અસિલ Merchant export છે. તે ખરીદી ૦.૧૦% ટેક્સ રેટ માં કરે છે અને અક્સપોર્ટ LUT હેઠળ કરે છે. તો તેમને ૦.૧૦ નું રિફંડ તેઓ માંગી શકે? અને તેમની પાસે ઈમ્પોર્ટ અક્સપોર્ટ નું લાઈસેન્સ છે . તો બીજા કોઈ ડૉક્યુમેન્ટ ની જરુ છે? - રાજ ધનેશા, વેરાવળ**

જવાબઃ હા, ૦.૧૦ % ના લાભકારક દરે કરેલ ઈનવર્ડ સપ્લાય નું રિફંડ મળવાપાત્ર છે. સામાન્ય રીતે એક્સપોર્ટ કરવાં માટે IEC એટ્લે કે ઈમ્પોર્ટ એક્સપોર્ટ કોડ હોય તેજ જરૂરી છે. હા એક્સપોર્ટર ને અન્ય લાભો માટે APEDA, ISO હેઠળ ની નોંધણી તેમણે ઉપયોગી બનતી હોય છે.

**અમારાથી પેટ્રોલ પંપના કેસમાં જુલાઈ ૧૭ થી ૨૦ માર્ચ ખોટી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ (ITC) લેવાઈ ગઈ છે. શું અમારે માસવાર આ ક્રેડિટ રિવર્સ કરવી જોઈએ કે એકજ માસમાં ક્રેડિટ રિવર્સ કરી લઈએ તો ચાલે? ITC રિવર્સલના કારણે જીએસટી ભરવાની પરિસ્થિતી ઊભી થાય તો એ ભારવાપાત્ર જીએસટી ઉપર વ્યાજ ૧૮% લેખે આવશે કે ૨૪% લેખે? કે ખોટી લીધેલ ITC ભરવા પાત્ર OUTWORD GST વગર વ્યાજ ભરી દેવો? - અલ્પ ઉપાધ્યાય, વલસાડ**

જવાબઃ અમારા મતે તમારે વર્ષ વાર ITC રિવર્સ કરવી જોઈએ. ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે તથા ૨૦૧૮-૧૯ ના વર્ષ મતે DRC-૦૩ દ્વારા ITC રિવર્સ કરી આપવી જોઈએ. ૨૦૧૯-૨૦ના વર્ષ મતે જો માર્ચનું રિટર્ન બાકી હોય તો માર્ચ માહિનામાં વર્ષની ITC રિવર્સ કરી આપવી જોઈએ. જો માર્ચ ૨૦૨૦નું રિટર્ન ભરી આપેલ હોય તો તે વર્ષની ITC પણ DRC-૦૩ વડે રિવર્સ કરવી જોઈએ.
વ્યાજ બાબતે વાત કરીએ તો તમે જી.એસ.ટી. કાયદા ની કલામ ૫૦(૧) હેઠળ ૧૮% વ્યાજ ભરવા જવાબદાર થશો. ૫૦(૩) હેઠળ વ્યાજ ભરવાની જવાબદારી માત્ર કલમ ૪૨(૧૦) તથા ૪૩(૧૦) હેઠળ રિવર્સલ કે આઉટપુટ વધારવા જવાબદાર હોય તેના મતે લાગુ પડે. આ કલમ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેચિંગ કોન્સેપ્ટ લાગુ થયો હોય તોજ લાગુ પડે તેવો અમારો મત છે.




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

**અમો અનરજિસ્ટર્ડ ડીલર પાસે લોખંડ આઈટમ નું જોબ વર્ક કારવીએ છીએ તો , રિવર્સ ચાર્જ ભરવો પડે ? - કિશોર હંસરા**

જવાબઃ ના, અનરજિસ્ટર્ડ વ્યક્તિ પાસે લોખંડ ની ચીજવસ્તુ નું જોબ વર્ક કરવવામાં આવે તો હાલ જી.એસ.ટી. કાયદાની કલમ ૯(૩) તથા ૯ (૪) હેઠળ RCM ભરવાંની જવાબદારી આવે નહીં.

**અમો માલિકી ધોરણે જી.એસ.ટી.નંબર ધરાવીએ છીએ. તથા અમારી સેવા મેળવતી Local Authority પણ જી.એસ.ટી. નંબર ધરાવે છે. અમે તેઓને તેઓને men power service પૂરી પાડીએ છીએ તો નોટીફીકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૩ ધ્યાને લેતા શું અમને કમુક્તિ નો લાભ મળે? જો ના મળે તો ક્યાં દરે GST ભરવો પડે? - હેમાંગી શેઠ**

જવાબઃ અમારા મતે Local Authority ને આપવામાં આવેલ "pure service"ને નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૩નો લાભ મળે. આ બાબતે આપની સેવા એ ભારતીય બંધારણ ના અનુચ્છેદ ૨૪૩W ને આધીન શિડ્યુલ ૧૨ માં પડે છે કે નહીં તે બાબતે આ શિડ્યુલ જોઈ લેવું હિતાવહ છે.

**અમો માલિકી ધોરણે જી.એસ.ટી.નંબર ધરાવીએ છીએ. તથા અમારી સેવા મેળવતી Local Authority પણ જી.એસ.ટી. નંબર ધરાવે છે. અમે તેઓને તેઓને men power service પૂરી પાડીએ છીએ તો નોટીફીકેશન ૧૩/૨૦૧૭ મુજબ શું Local Authority એ RCM ભરવાની જવાબદારી આવે? - હેમાંગી શેઠ**

જવાબઃ અમારા મતે Local Authorityને આપવામાં આવેલ "pure service"ને નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૩ નો લાભ મળે. આ લાભ મળતો હોય ત્યારે સેવા NIL રેટેડ બની જતી હોય છે. આ મતે Local Authorityની RCM ભરવા અંગે કોઈ જવાબદારીના આવે.

**અમારા અસીલ પેટ્રોલ પંપ ડીલર છે. કંપની LFR લાઈસન્સ ફી રિકવરી ઉપર ૨૮% જી.એસ.ટી. વસુલ કરે છે. આ LFRની ક્રેડીટ મળે? પેટ્રોલપંપ નોન GSTમાં આવે છે અને અમો ઓઈલ નું વેચાણ પણ કરીએ છીએ અને તેનું GST ભરીયે છીએ તો તેની સામે મજરે લઇ શકાય? - જગદીશભાઈ વ્યાસ**

જવાબઃ ના, LFR એટલેકે લાઈસન્સ ફી રિકવરી ની ક્રેડિટ મળે નહીં. આ ફી સીધી રીતે પેટ્રોલ અને ડીઝલ સાથે જોડાયેલ હોય ઓઈલ ના વેચાણ ના પ્રમાણમા પણ આ ક્રેડિટ મળે નહીં તેવું અમારું માનવું છે

**અમારા અસીલ રેતીની લીઝ ધરાવે છે. તેઓ આ માટે એસકેવેટરનો ઉપયોગ કરે છે. ખરીદનારની સાઈટ સુધી આ રેતી પહોચડવા તેઓ પોતાના ટ્રકનો ઉપયોગ કરે છે. વેચાણ બિલ તેઓ માત્ર રેતીનું બનાવે છે અને તેના ઉપર રેતીના લાગુ દરે જી.એસ.ટી ઉઘરાવે છે. શું આ માટે ટ્રાન્સપોર્ટનું બિલ અલગ બનાવવું જરૂરી ગણાય? - વિજય કોરડીયા, એડવોકેટ**

જવાબઃ ના, આ વ્યવહારમાં ટ્રાન્સપોર્ટનું બિલ અલગ બનાવવું ના જોઈએ. આ વ્યવહાર એ માત્ર રેતી સપ્લાયનો વ્યવહાર ગણાય અને ટ્રાન્સપોર્ટ ચાર્જ જ્યારે અલગથી દર્શાવવામાં ના આવતો હોય માત્ર રેતી વેચાણ એ સપ્લાય ગણાય અને રેતીને લાગુ દરે જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે.

**અમારા અસીલ ડોક્ટર છે. તેઓની દુકાન ભાડાની આવક ૨૦ લાખથી વધુ થાય છે. આ કિસ્સામાં તેઓએ જી.એસ.ટી. નંબર લેવો પડે? આ દુકાન ભાડા ઉપર જી.એસ.ટી. ક્યાં દર ઉપર લાગે? ડોક્ટર પ્રેક્ટિસની ઈન્કમ હેલ્થ સર્વિસ હેઠળ NIL રેટેડ ગણાય અને 3Bમાં NIL રેટેડમાં નાખવાની રહે? - પાર્થ વાલાની, વઢવાણ**

જવાબઃ હા, તમારા અસીલની ભાડાની આવક ૨૦ લાખથી વધુ હોય તેઓ જી.એસ.ટી. નંબર લેવા જવાબદાર બનશે. તેઓએ ૧૮% ના દરે જી.એસ.ટી. ભરવો પડશે. પડોક્ટર પ્રેક્ટિસ ઈન્કમ એ કરમુક્ત ગણાશે અને 3Bમાં કરમુક્તની કૉલમમાં દર્શાવવાની રહેશે.

**અમો ગુજરાત તથા પશ્ચિમ બંગાળમાં નોંધાયેલ કરદાતા છીએ. અમારા પશ્ચિમ બંગાળના રજીસ્ટ્રેશનમાં ૩૫૦૦૦ જેવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જમા રહે છે. હવે ત્યાંનો નોંધણી દાખલો રદ્દ કરાવવો છે. શું આ ૩૫૦૦૦ની ક્રેડિટ અમો ગુજરાતના રજીસ્ટ્રેશનમાં તબદીલ કરી શકીએ? - જલારામ જિનિંગ ફેક્ટરી**

જવાબઃ ના, તમારા પશ્ચિમ બંગાળ ના નોંધણી ની ક્રેડિટ તમે ગુજરાત ના રજીસ્ટ્રેશન માં તબદીલ કરી શકો તેવી કોઈ સગવડ પોર્ટલ ઉપર નથી. આ ક્રેડિટ શું કરવા જમા રહી છે તે પણ ચર્ચા નો વિષય બને. જો સ્ટોકમાં કોઈ માલ હોય અને તેનું વેચાણ ગુજરાત ને કરવામાં આવે તો આ ક્રેડિટ ગુજરાત લઈ શકાય છે. આ ઉપરાંત એ બાબત યાદ રહે કે જી.એસ.ટી. કાયદા ની કલમ ૨૯(૫) હેઠળ નોંધણી દાખલો રદ્દ કરવા સમયે સ્ટોક ઉપર ટેક્સ ભરવાની જવાબદારી આવે છે.

**અમારા અસીલ સર્જીકલ ગ્લોઉઝના વેપારી છે. તેઓ થાઈલેંડની એક ઉત્પાદક કંપનીનો માલ વેચે છે. તેઓને ગ્રાહક કે જેઓ અમદાવાદમા છે તેમના દ્વારા સર્જિકલ ગ્લોઉઝનો ઓર્ડર આપવામાં આવ્યો છે જેમાં આ વસ્તુ થાઈલેંડથી ઈંગ્લેન્ડ મોકલવાની છે. ભારતમાં આ માલ આવવાનો નથી પણ પરચેસ ઓર્ડર ભારતમાં મળ્યો છે. બિલ અમદાવાદની કંપનીના નામનું આપવાનું છે. આ વ્યવહાર ઉપર જી.એસ.ટી. કેવી રીતે લાગે તે જણાવવા વિનંતી. - જિગ્નેશ શાહ, બરોડા**

જવાબઃ આ વ્યવહાર અમારા મતે હાઈ સી સેલ્સ નો ગણાય. આ વ્યવહારમાં સપ્લાય નોન ટેક્સેબલ ટેરેટરી માં થતું હોય અને માલ ટેક્સેબલ ટેરેટરીમાં આવતો ના હોય આ વ્યવહાર ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી ના આવે. આ માટે જી.એસ.ટી. કાયદા નું પરિશિષ્ટ ૩ ની એન્ટ્રી ૮(b) જોઈ જવા વિનંતી.
આ બાબતે એક વાત જાણવી જરૂરી છે કે આ વિષય ઉપર ગુજરાત AAR ઓથોરીટીનું સ્ટરલાઈટ ટેક્નોલોજિસ લી.નું AAR કરદાતા વિરુદ્ધ નું છે જ્યારે કેરેલા AAR ઓથોરીટીનું સાઈનથાઈટ ઈન્ડસ્ટ્રીઝ લી.નું AAR કરદાતા ની તરફેણમાં છે. પરંતુ આ બંને AAR GSTના પરિશિસ્ટમાં ફેરફાર કરવામાં આવ્યા તે પહેલાના છે.

**અમારા અસીલ પ્રોપરાઈટર ધોરણે સોના નો ધંધો કરે છે. છેલ્લા એક વર્ષ થી તેઓએ એકવિટી, ફ્યુચર-ઓપ્શનના વ્યવહારો શેર બજારમાં કરવાના શરૂ કર્યા છે. અમે શેર ખરીદ વેચાણનું એક અલગ ખાતું રાખીએ છીએ. શું આ શેર ખરીદ વેચાણની વિગત GSTR3B તથા વાર્ષિકમાં દર્શાવવું જરૂરી છે? - જિગર વોરા, રાજકોટ**

જવાબઃ શેર-સિક્યુરિટી ના વ્યવહારો એ જી.એસ.ટી. કાયદા ની વ્યાખ્યા ૨(૫૨) હેઠળ ગુડ્સ ના ગણાય. જી.એસ.ટી. કાયદાની કલમ ૨(૧૦૨) મુજબ આ શેર અને સિક્યોરિટી સેવા પણ ગણાતી નથી. આમ, આ શેર અને સિક્યોરિટીના વ્યવહારો માલ કે સેવા ગણાતા ના હોય, આ વ્યવહારો જી.એસ.ટી.આર. 3B કે વાર્ષિકમાં દર્શાવવા જરૂરી રહેતા નથી તેવો અમારો મત છે.

**અમારા અસીલ LLP છે. તેઓ જી.એસ.ટી. નંબર ધરાવે છે. તેઓ ૯ ટ્રક ધરાવે છે. તેઓ આ ટ્રક ભાડે આપી ફ્રેટ નું બિલ આપે છે. તેઓ કંસાઈનમેંટ નોટ આપતા નથી. અમારા નીચે મુજબ ના સવાલ છે.**
**શું અમારા અસીલની સેવા GTA ગણાય?**
**શું અમારા અસીલના ગ્રાહકો GTA સર્વિસ હેઠળ GTA ભરવા જવાબદાર બને?**
**શું માત્ર કંસાઈનમેંટ નોટ ના આપવાથી GTA સેવાથી બહાર નીકળી જઈએ?**
**શું કનસાઈનમેટ નોટ ના આપે તો ફ્રેટ નું બિલ આપવામાં આવે અને ૧૨% લેખે ફોરવર્ડ ચાર્જ ભરવામાં આવે તો ટ્રક ખરીદીની કેપિટલ ગુડ્સ તરીકેની ક્રેડિટ મળવા પાત્ર બને?**
**શું અમુક બિલ રિવર્સ ચાર્જ અને અમુક બિલ ફોરવડ ચાર્જ એમ બનાવી શકીએ? - શશિકાંત શાહ**

જવાબઃ આપના અસીલ કંસાઈનમેંટ નોટ આપતા નથી. આ કારણે તેને GTA ગણી શકાય નહીં. જો. GTAના હોય તો RMCની જવાબદારી આવે નહીં. નોટિફીકેશન (રેઈટ) ૧૩/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૨૦ ને નોટિફિકેશન (રેઈટ) ૧૧/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૨૦ સાથે વાંચતાં કનસાઈનમેંટ નોટ એ GTA હોવા માટેની સૌથી મહત્વની શરત છે. જો કે તમારા અસીલ દ્વારા આપવામાં આવતી ફ્રેઈટ નોટ ચેક કરવી જરૂરી છે. જો કનસાઈનમેંટ નોટની વિગતો ફ્રેઈટ નોટમાં આવી જતી હોય તો આ ફ્રેઈટ નોટ પણ કનસાઈનમેંટ નોટ ગણી શકાય. જો આપના અસીલ ની ફ્રેઈટ નોટ કનસાઈનમેંટ નોટ ગણાતી હોય તો GTA બની જાય. તેમની પાસે ફોરવર્ડ ચાર્જ ભરવો કે રિવર્સ ચાર્જનું ઈંવોઈસ ઈસસ્યું કરવું તે અંગે વિકલ્પ રહે. આ વિકલ્પ વર્ષમાં એક વાર નક્કી કરી લેવાનો રહે. વર્ષ દરમ્યાન બંને વિકલ્પ મળી શકે નહીં.

**અમારા અસીલ ભાગીદારી પેઢી છે. આ પેઢી પેટ્રોલ પંપ ધરાવે છે. પેટ્રોલ અને ડીઝલ ઉપર જી.એસ.ટી. લાગુ નથી. તેઓ પાસે ટેન્કર છે જે ભાગીદારો ના વ્યક્તિગત નામ ઉપર છે. આ ટ્રક ભાડા પેટે HPCL કંપની અમારી પેઢીને ટ્રાન્સપોર્ટ ચાર્જ ચૂકવે છે. આ ચાર્જ ઉપર અમો કોઈ જી.એસ.ટી. ઉઘરાવતા નથી. ભાગીદારી પેઢી HPCL પાસેથી જે ભાડાની રકમ આવે છે તે રકમ ભાગીદારોને ચૂકવી આપે છે. શું HPCL પાસેથી મળતી ભાડાની રકમ ઉપર RCM લાગુ પડે? - મૌલિન શાહ, એડવોકેટ ગોધરા**

જવાબઃ પેટ્રોલ પંપના કિસ્સામાં મોટે ભાગે ઓઇલ માર્કેટિંગ કંપની (HPCL) જે ભાડાની રકમ ચૂકવે છે તેના ઉપર RCM ભરે છે. આ RCM ભરવા બાબતે તેઓ ટ્રક માલિકોને રિવર્સ ચાર્જ "YES" દર્શાવી GSTR 1 ફાઇલ કરવા આગ્રહ કરે છે. આ ભાડાની રકમ ઉપર ઓઇલ માર્કેટિંગ કંપની RCM ચૂકવતી હોય તમારી કોઈ જવાબદારી ના આવે એવો અમારો મત છે.

**અમારા અસીલ ૦૧.૦૪.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ સુધી GTAનો ધંધો કરતાં હતા. આ સમય દરમ્યાન કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમે કલેઈમ કરેલ નથી. હવે ૦૧.૦૧.૨૦૨૦ થી અમોએ કપચીનો ધંધો શરૂ કર્યો હોય અને GTAનો ધંધો બંધ કરી આપેલ છે. કપચીના ધંધામાં અમારો માલ ગ્રાહકની સાઈટ સુધી પહોચાડી આપવા અમે ટ્રક ની ખરીદી કરેલ છે. આ અમો કપચી વેચાણમાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઉમેરી બિલ બનાવીએ છીએ. ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અલગથી બતાવતા નથી કે ટ્રાન્સપોર્ટેશનનું બિલ અલગથી આપતા નથી? શું હવે આ કપચીના ધંધામાં ઉપયોગ કરાતાં ટ્રકની ક્રેડિટ અમોને મળે? - પાર્થ વાલાણી ( વઢવાણ)**

જવાબઃ હા, GTAનો ધંધો બંધ કર્યા બાદ કપચીના ધંધાના માલ ની હેરફેર માટે જે ટ્રક નો ઉપયોગ કરવામાં આવે તો આવા ટ્રક ખરીદી ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાદ મળે તેવો અમારો મત છે.

**અમારા અસીલ ટ્રાન્સપોર્ટર (GTA) છે. ઘણીવાર ગ્રાહકોના માલ ટ્રાન્સપોર્ટ કરવા તેઓ બીજા GTA પાસેથી સર્વિસ લે છે. તો શું આ અન્ય GTA પાસેથી લીધેલ સેવા ઉપર GTA ઉપર લાગુ RCM ભરવો પડે? - હીત લિંબાણી ( કચ્છ)**

જવાબઃ હા, તમારા અસીલ જો અન્ય GTA પાસેથી GTA સેવા લે તો તેઓને CGST નોટિફિકેશન ૧૩/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ ની એન્ટ્રી ૧ મુજબ RCM ભરવાની જવાબદારી ના આવે તેવો અમારો મત છે.

**હું એક GST નંબર ધરાવતો વેપારી છુ. મારો વેપાર ખેડુત પાસેથી તેલીબિયાની ખરીદી કરી મારા ધંધાના સ્થળે લાવ્યા વગર સીધો લેનાર વેપારીના સ્થળે ડિલિવરી કરવાનો છે આ સંજોગોમાં મારે ખેડુત ખરીદીનું ઈ-વે બિલ બનાવવું જરૂરી છે? - રાજૂ કાનાણી**

જવાબઃ હા, જો તમારા માલનું મૂલ્ય ૫૦૦૦૦થી વધૂ હોય તો ખેડૂત પાસેથી ખરીદી માટે ઈનવર્ડ સપ્લાય માટેનું ઈ વે બિલ બનાવવું પડે.

**અમો દરેક પ્રકારના ફરસાણ,નમકીન, ખારી, બિસ્કિટ તથા બેકરીને લગતી વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરી અમારા પોતાના નામની કોથળીમાં વેચાણ કરીયે છીએ. અને U/S ૧૦ હેઠળ કમ્પોઝીશન ડીલર છીએ. વેચાણ પર ૧% ટેક્સ ભરીએ છીએ. અમારું વાર્ષિક ટર્નઓવર ૧.૫ કરોડ થી ઓછું છે તો વેચાણ પર કેટલો ટેક્સ લાગે? - પાર્થ પનારા**

જવાબઃ ઉત્પાદક હોવાથી તમારા કુલ વેચાણ ઉપર ૧% ના દરે કંપોઝીશન વેરો ભરવા જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ GST હેઠળ રજીસ્ટર્ડ છે અમે બનાવેલ રહેણાંક એપાર્ટમેંટ અંગે હાલ સુધી કોઈ બુકિંગ કે એડવાન્સ લીધેલ નથી. તેઓ નું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે. થી ૩ બ્લોક દસ્તાવેજ થી વેચાણ કરેલ છે જે GST રીટર્નમાં EXEMPT વેચાણ તરીકે દર્શાવેલ છે. હવે અમારા નીચે મુજબ પ્રશ્નો છે.**

- **હવે તેઓ બાકીના બ્લોક પૈકી અમુક બ્લોક ભાડે આપવા માંગે છે. તો આ અંગે રેન્ટ એગ્રીમેન્ટ બનાવી શકાય કે નહિ,**
- **તેમજ આ ભાડા ની આવક ઉપર GST લાગે કે નહિ?**
- **અમે GST નંબર કેન્સલ કરાવી શકીએ કે કેમ? કારણકે તેમનું Supply Exempt જ થવાનું છે**
- **કમ્પ્લીશન થઈ ગયા બાદ બુકિંગ રકમ લઈએ તો GST લાગે કે કેમ? - ધર્મેશ પરમાર, જુનાગઢ**

જવાબઃ આપના પ્રશ્નો અંગે અમારો મત નીચે મુજબ છે. પણ આ જવાબ એ ધારણા સાથે છે કે આપના અસીલ ને કંપલીશન સર્ટિફિકેટ મળી ગયું છે.

- આપના અસીલ રેન્ટ એગ્રીમેન્ટ ચોક્કસ બનાવી શકે.
- સામાન્ય રીતે ભાડા ની આવક ઉપર જી.એસ.ટી. લાગે. પરંતુ રહેણાંકી મકાન ભાડે આપવા બાબતે સેન્ટરલ ટેક્સ (રેઈટ) નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ની એન્ટ્રી ૧૨ મુજબ "NIL" રેટેડ જાહેર થયેલ હોય, કોઈ જી.એસ.ટી. ભરવાની જવાબદારી ના આવે.
- જી.એસ.ટી. હેઠળ માત્ર જો રહેણાંકી મિલ્કત ભાડે આપવાની પ્રવૃતિ હોય તો જી.એસ.ટી. નંબર ધરાવવો ફરજિયાત નથી. જો પાછ્લા વર્ષનું ટર્નઓવર નિયત મર્યાદાથી (સેવા હોવાથી ૨૦ લાખ) નીચે હોય તો જી.એસ.ટી. નંબર રદ કરવી શકીએ.
- કંપલીશન સર્ટિફીકેટ આવી ગયા બાદ તૈયાર સ્થાવર મિલ્કત માટે બુકિંગ લેવામાં આવતું હોય જી.એસ.ટી. લાગુ પડે નહીં.

**એક કન્સ્ટ્રકસન પ્રાઈવેટ લિમિટેડ કંપની એ સોલાર પૅનલ ડિસ્ટ્રિબ્યુટરશીપ લીધેલ છે તો હવે સોલાર પૅનલ સપ્લાય કરે તો ૫% જી.એસ.ટી. લાગે . પરંતુ આપણે કોઈ પાર્ટી સાથે સોલર પેનલ ઈન્સ્ટોલેશન સાથે ( જેમાં બધુ જ આવી જાય )તો તેમાં કેટલા ટકા જી.એસ.ટી. લાગશે? - વિજય વાઘેલા**

જવાબઃ- આ કન્સ્ટ્રકશન કરતી પ્રાઈવેટ લિમિટેડ કંપની જે સોલર સપ્લાય તથા ઈંસ્ટોલેશન ના કામ કરે અને સપ્લાય ની રકમ જો સાથે મળે તો આ પૈકી ૭૦ % રકમ એ વસ્તુ ના વેચાણ માટે છે તથા ૩૦ % રકમ સેવા પ્રદાન કરવા માટેની છે તેમ માની લેવામાં આવશે. CGST (રેઈટ) નોટિફિકેશન ૨૪/૨૦૧૮, તા. ૩૧.૧૨.૨૦૧૮ જોઈ જવા વિનંતી.

**અમારી કન્સ્ટ્રક્શન ધરાવતી પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ૪ ડાઈરેક્ટર છે. તો પોતાની કાર કંપનીના કામ માટે વાપરે છે. તો કાર રિપેરિંગ તથા ટાયર ખરીદી સમયે ડાઈરેક્ટર હોવાને લીધે કંપની નો જી.એસ.ટી. નંબર નાખી બિલ તથા પેમેન્ટ કંપની ના બેન્ક અકાઉન્ટ માથી ચૂકવાય છે તો કંપનીના GST ITC બાદ લઈ શકાય? લઈ શકાય તો જી.એસ.ટી. કાયદાની કઈ સેક્શન હેઠળ લેવામાં આવે? - વિજય વાઘેલા**

જવાબઃ- આ જવાબ એમ માનીને આપવામાં આવે છે કે કાર એટ્લે એવી કાર જેની સિટિંગ કેપેસિટી ૧૩ કરતાં ઓછી છે. આ પ્રકારની કાર ખરીદી સમયે ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૫)(a) મુજબ મળતી નથી. કલમ ૧૭(૫)(ab) મુજબ આ પ્રકારની કાર માટે કરેલ રિપેર્સની ક્રેડિટ પણ બાધ્ય કરેલ હોય તમને આ ક્રેડિટ મળી શકે નહી તેવો અમારો મત છે.

**અમારા અસીલ એક બિલ્ડર છે. તેમના ૨ પ્રોજેક્ટ છે. એક કમર્શિયલ પોજેક્ટ (પ્રોજેક્ટ ) જે ૨૦૧૦ માં પુર્ણ થઈ ગયો છે પણ ઓકયુંપંસી સર્ટિફિકેટ હજુ મળ્યું નથી. બિલ્ડરે આ ફ્લેટ ભાડા ઉપર આપ્યા છે. બીજો પ્રોજેક્ટ (પ્રોજેક્ટ B) રહેણાંકી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટનું ઓકયુંપંસી ડિસેમ્બર ૨૦૧૮માં મળી ગયું છે. બિલ્ડરે પ્રોજેક્ટ Aના ભાડાની આવકમાંથી પ્રોજેક્ટ Bની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કે જે જુલાઇ ૨૦૧૭થી ડિસેમ્બર ૨૦૧૮ સુધીની હતી તે મજરે લીધેલ છે. હવે પ્રશ્ન એ છે કે? શું આ મજરે લીધેલ ક્રેડિટ કાયદેસર ગણાય?**
**પ્રોજેક્ટ B મેતે ડિસેમ્બર ૧૮ના ITC રિવર્સલ કેવી રીતે ગણાય? ખાસ કરીને જ્યારે ITC હવે શૂન્ય થઈ ગઈ હોય? - અશોક ગોસાર**

જવાબઃ- અમારા મતે તમે જે ક્રેડિટ લીધેલ છે તે યોગ્ય છે. હવે જ્યારે ઓક્યુંપંસી સર્ટિ મળેલ છે અને ક્રેડિટ રિવર્સ કરવા પાત્ર બને છે ત્યારે તમારે જી.એસ.ટી. નિયમોના નિયમ ૪૨ મુજબ આ ક્રેડિટ માસિક ધોરણે રિવર્સ કરવી પડે. હા જે વર્ષ પૂર્ણ થઈ ગયા છે તેના મતે વાર્ષિક ધોરણે રિવર્સલ કરી શકો છો. યાદ રહે વ્યાજ ભરવાની જવાબદારી માસિક રિવર્સલ ગણી ને નક્કી કરવામાં આવશે.

**ક્લબની મેમ્બરશીપ ઉપર જી.એસ.ટી. લાગતો નથી. શું આ વાત સાચી છે? આ અંગે કોઈ નોટિફિકેશન હોય તો ધ્યાન દોરવા વિનંતી. - અભય વડેરા**

જવાબઃ- ક્લબ મેમ્બરશીપ ઉપર જી.એસ.ટી. લાગતો નથી તે બાબતના કોઈ નોટિફિકેશન નથી તેવું અમે માનીએ છીએ. આ બાબતે અમુક AAR ઉપલબ્ધ છે. આ AAARનો હાર્દ એ આવે છે કે ક્લબ એ પોતાના મેમ્બર્સ ને જે સેવાઓ આપે છે તે ફરધરન્સ ઓફ બિઝનેસ ના ગણી શકાય અને તે જી.એસ.ટી. કાયદા ની કલામ ૭ ની બહાર પડે છે. **આમાં રોટરી કલબ ઓફ મુંબઈ ક્વિન નેકલેસ (મહારાષ્ટ્ર AAR), MAH/AAAR/SS-RJ/15/2019-20, ઓર્ડર તા. ૦૬.૧૧.૨૦૧૯** ખૂબ મહત્વનુ છે.

**અમારા અસીલોમાં અમુક કિસ્સાઓમાં ટ્રાન્સપોર્ટર અનરજીસ્ટર્ડ હોય છે અને કનસાઈનમેંટ નોટ આપે છે જેમાં GST RCM હેઠળ ભરવાની નોંધ હોય છે. અમુક કિસ્સાઓમાં ટ્રાન્સપોર્ટર રજિસ્ટર્ડ હોય છે અને રિવર્સ ચાર્જ મુજબ ૫% જી.એસ.ટી. અમારા અસિલે ભરવો તેમ દર્શાવી કનસાઈનમેંટ નોટ આપે છે. શું આ બંને RCMની ક્રેડિટ મળવા અમારા અસીલને મળવાપાત્ર છે? - વિરેશ ખરાડી, ટેક્સ કન્સલ્ટન્ટ, વલ્લભ વિદ્યાનગર**

જવાબઃ હા, ભરેલ RCMની ક્રેડિટ તમારા અસીલને જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬ તથા ૧૭ની શરતો પૂર્ણ કરતાં હોય તો મળવા પાત્ર છે.

**અમારા અસીલના એકજ PAN ઉપર ૨ જી.એસ.ટી. નંબર છે. આ બંને નંબર એકજ રાજયમાં છે. એ એક જી.એસ.ટી. નંબરથી બીજા જી.એસ.ટી. નંબરને સેલ્સ બિલ આપે છે. પરંતુ એકજ ઈન્કમ ટેક્સની દ્રસ્તીએ એકજ PAN ગણી એકજ એકમ હોવાથી એક બીજાને પેમેન્ટ નથી કરતાં. તો શું જી.એસ.ટી. કાયદા હેઠળ ખરીદનાર જી.એસ.ટી. નંબર આ ખરીદીની ક્રેડિટ લઈ શકે? કે ૧૮૦ દિવસમાં પેમેન્ટ કરવા અંગેનો નિયમ એમને લાગુ પડે? - રાજ ધનેશા, વેરાવળ**

જવાબઃ હા, અમારા માટે ૧૮૦ દિવસમાં પેમેન્ટ કરવા અંગે નો પ્રોવિસો આવા કિસ્સામાં પણ લાગુ પડે. એકજ PAN હોવા છ્તાં જો પેમેન્ટ ના કરવામાં આવે તો ક્રેડિટ રિવર્સલના પ્રશ્નો ઉપસ્થિત થાય.

### : ખાસ નોંધ :

**જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.**

**અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એકસપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.**

**આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ મેઈલ કરી શકો છો. સોમવાર થી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નો ના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**ડિસ્કલેમરઃ** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં ઈનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

◆ Year: 4, ◆ Issue No.10, ◆ Continue Issue No.45, ◆ Date: 18/07/2020, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.